શ્રી

संगीत लीलावती नाटक.

(પંચાંકી–વેશ્યા વ્યસન નિષેધક.)

શ્રી દેશી નાટક સમાજને સારૂ

આવૃત્તિ ૩ જી–સુધારા વધારા સાથે.

રચી–પ્રસિદ્ધ કરનાર
અધ્યાપક કેશવલાલ શિવરામ.

અમદાવાદ.
પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટિંગ પ્રેસમાં
નથુભાઇ રતનચંદ મારફતીઆએ છાપ્યું.
કારતક સંવત્ ૧૯૪૮—નવેમ્બર સન ૧૮૯૧

કીંમત રૂ૦—૪—૦

श्री

अर्पण पत्रिका.

રા. રા. સાંકળચંદ રતનચંદ વકીલ.

એકત્રીસા સવૈયા.

શ્રીમાળી જ્ઞાતિ પ્રખ્યાતિ, શ્રાદ્ધ સંઘમાં છે સદ્ગૃહસ્થ;
પાદલિપ્ત પુરની પેઢીમાં, પુન્ય પ્રતાપે થયા પદસ્થ;
મન ધન સિદ્ધાચળ ધન રક્ષક, દક્ષ પરીક્ષક દીલ ઉદાર,
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.
રતનચંદના રત્ન પુત્ર છો, સમતા સાગર સાંકળચંદ,
સત્ય વચન અમૃત સમ ઉચરી, આપોઆપ અધિક આનંદ;
લઘુ વયથી મમ ઉપર આપનો નિરમળ પરિપૂરણ છે પ્યાર.
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.
વડીલ વકીલ વિદ્યારસ વેત્તા, વિનીત વિવેકી સુનીતિ વાન;
પરમ પ્રમાણિક પ્રૌઢ પ્રાક્રમી, મોટા જનનાં પામ્યા માન,
કવિની સંપતિના તસ્કરને, દંડાવ્યા દોરી દરણાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર.

સંવત ૧૯૪૭ ના }
આસો વદ ૧૩ }

અધ્યાપક.
કેશવલાલ શિવરામ.

श्री

સંગીત લીલાવતી નાટક.

પંચાંકી.

પાત્રજન.

સૂત્રધાર..................નાટક ભજવી બતાવનાર.
વિદૂષક..................મોદકાનંદ, સદાફળનો રસોઈયો.
નટી..................સુત્રધારની સ્ત્રી.
સદાફળ..................કૌશામ્બી નગરીનો નગરશેઠ.
સેંજલદે..................તેની સ્ત્રી.
સુમતિવિલાસ............તેનો પુત્ર.
સ્વાર્થદત્ત..................સુમતિવિલાસનો મિત્ર.
જોયતો..................સુમતિવિલાસનો હજુરીઓ.
કામસેના..................કૌશામ્બી નગરીની વેશ્યા.
કપટકળા..................કામસેનાની સાહેલી ગણિકા.
કનકસેન..................કૌશામ્બીનો રાજા.
સચીવ..................તેનો પ્રધાન.
સોમદત્ત..................સુમતિવિલાસનો સસરો. [સારંગપુરનો શેઠ]
સુભગા..................સુમતિવિલાસની સાસુ.
પોચાપારેખ..................સોમદત્તનો મુનિમ.
લીલાવતી..................સુમતિવિલાસની સ્ત્રી.
સુગુણમંજરી..............લીલાવતીની સખી.
લાલણા..................સુમતિવિલાસની બેન.
વીરવિલાસ..............લીલાવતિનો પુત્ર.

સ્થળ કૌશામ્બી નગરી અને સારંગપુર નગર.

४८२५

श्री

संगीत लीलावती नाटक.

अंक पहेलो.

प्रस्तावना.

સ્થળ-રંગમંડપ મંગળાચરણ.

સૂત્રધાર-- .શાર્દૂલ વિક્રીડિત.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રણમું, આપો સદા સંપદ,
કાપો પાપ અગાપ તાપ ત્રિવિધે, સેવા કરૂં સર્વદા;
હે વિશ્વેશ વિચિત્ર વેશ ભજવું. આ વિશ્વભૂમિ મહીં,
રીઝીને સુપસાય થાય અમને, આનંદદાતા અહીં. ૧

લિતાળી ચોપાઈ.

નાટક પાત્રને વેશ સજાવ્યો, હજુ કેમ વિદૂષક નાવ્યો;
વિદૂ-આવ્યો વેશ રચીને વિચિત્ર, ફરમાવો હુકમ હવે મિત્ર.

સૂત્રધાર— ગીતિ-લાવણી.

શિવસુત કેશવ કૃત હું, "સંગીતલીલાવતીનાટક" ભજવું;
વેશ્યા વ્યસનનિષેધી, આર્ય સકળને શિયળવસન સજવું.
એમાં ખપ છે તારો, સજ્જન હસાવા હાસ્ય વચન બોલી;
માગે શું મેહેનતનું, બોલ બરાબર તું અંતર ખોલી. ૪
વિદૂષક-લચપચતા નવ લાડુ, નિત જમવાની ટેવ પડી મારી;
જો મુજને એ મળશે, સુત્રધાર ભજવીશ સેવા સારી. ૫

સૂત્રધાર—જરૂર વિદૂષક જમજે, સવારમાં સીધું મળશે સારૂં.
રંગે હર્ષ પ્રસંગે, બજાવજે તું ચતુર કામ તારૂં. ૬
વિદૂષક—આ તે નાટક કે શું ભવાઈ, કંઈક વ્હેમી ગયા વ્હેમ ખાઈ,
સૂત્રધાર— ગીતિ–લાવણી
અણસમજુ સમજે છે, નાટય કળા ને ભવાઈના સરખી;
હશે કાચ કે હીરો, વગર ઝવેરી કોણ શકે પરખી?
કવિવર શોચ ન કરશો, નિંદે છો ખળ ઉત્તમ નાટકને,
શું શેલડી સુકાશે, કરે અનાદર ગર્ધવ સાકરને.—
વિદૂષક— ત્રિતાળી ચોપાઈ.
સુચનાથી નહી સમજાએ, કરો અધિક વિવેચન કાંએ;
સૂ–વ્હાલીને લાગી કેમ હજુ વાર ....
નટી...........................આજ્ઞા આપો આવી ભરથાર
સૂ–નાટક વરણન કર્યં સુવિશેપ.........................
નટી–.........................કરૂ આપ પ્રમાણ આદેશ.
(શ્રી જગત્પતી, પ્રભુ આપેય સન્મતિ,—એ રાહ.)
શ્રી શંખેશ્વરા, પ્રભુ! પાર્શ્વજીનવરા;
તેં નિવારી જાદવોની ન્હવણથી જરા,—એ ટેક.
અંતરજામી વિભુ! વિશરામી, સમરી શિવપુરસાથ;
વંદુ પદઅરવિંદ વિનયથી, હેતે જોડી હાથ. શ્રી. ૮
જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં, ઇંદ્ર પુરી અનુસાર;
સુંદર **કૌશામ્બી** નગરી કહી, જયાં વિધ વિધ વ્યાપાર.શ્રી. ૯
વણીક "**સદાફળ**" નગરશેઠ ત્યાં,તસ સુત '**'સુમતિવિલાસ;**'
"**લીલાવતી**" લલના તેની જે, પૂરણ બુદ્ધિપ્રકાશ. શ્રી. ૧

અજબ બની આહેરણી આપે, ઓઢી કાંબળ અંગ;
તીક્ષ્ણ બુદ્ધિ થકી તજાવ્યો, સ્વામી વેશ્યા સંગ. શ્રી. ૧૧
ગણિકા ઘરથી નિજ ઘર લાવી, કળા કેળવી કંથ;
સુખ વિલસી સંસાર તણું પછી, પાળ્યો સંજમપંથ. શ્રી. ૧૨
થયાં દેવતા તેહ દંપતી, એહનું નાટક આજ;
ભજવું ભાવ ધરી ભગવંતા,જયજય કર્યું જીનરાજ. શ્રી ૧૩
વિ–ગાઉં રાંધવા વખત થયો છે, શેઠ **સદાફળ** ઘેર.
સેજલદે શેઠાણી સારા, લાડુની છે લ્હેર. શ્રી ૧૪
સૌ સભા જનો, ઉપકાર આપનો,
પધારીને કૃપા કરી સ્વધર્મિ સજ્જનો. સૌ ૧૫

(ઈતિ પ્રસ્તાવના)

अंक १ लो.

પ્રવેશ ૧ લો.

સદાફળ–(રાગઈંદ્રસભાનો—રાજાજીનો સોગએ.–એ રાહ.)
પ્રાણપ્રિયા સુણ પુત્ર આપણો. સુંદર **સુમતિવિલાસ,**
નાનિવયથી નિપુણ નિવડિયો, અતિ કરી શાસ્ત્રઅભ્યાસ. ૧૬
જેને મન જીનશાસન શ્રદ્ધા, સદગુરૂને સંજોગ;
પ્રતિદીન પ્યારી પ્રભુની પૂજા, વિરચે છે વિધિ જોગ. ૧૭
સે૦–પ્રાણપતિ અતિ પુન્યઉદયથી, પામ્યા એવો પુત્ર;
કુળદિપક એ દીવ્ય દીકરો, શોભાવશે ઘરસુત્ર. ૧૮
મન મોહનનાં મીઠાં વચનો, સુણી અમૃત અનુસાર;

એ ચાલમેલા ને અવલોકી, સફળ ગણું સંસાર. ૧૯
સ–જુઠું મુખથી જરી ન બોલે, પાળે હુકમ હમેશ.
સે'–એ રૂપાળો કદી રીસાઈ, કરે ન કિંચિત્ કલેશ. ૨૦
ભાગ્યશાળી એ ભોગવશે મગ, વૈભવ વિવિધ પ્રકાર;
સ–સ્નેહ ધરીને સદા પાળશે, શ્રાવકકુળ આચાર. ૨૧
સે'જલદે—(ગરબી. દીપચંદી. અબોલ શાને લ્યો છો–એ રાહ)
શાસન દેવી કરશે સંરક્ષણ. (એ ટેક.)
સ—વ્હાલો લાગે વિનય વિચિક્ષણ. (એ ટેક)
દોસ્તિ નહિ દુરજન તણી દીસે. વ્યસન ગમે નહીં વાલ;વ્હાલો.
પણ શોખીલો એ સુઘડ ઘણો છે, લાડકડો તુજ લાલ. વ્હાલો.૨૨
સે'–વ્હાલા વાલમ મુજને છે માલમ, વરણાગી કરતો વિશેષ. શાસન.
શોખીન દીસે છે પણ સુત સારો,નવ અપલક્ષણ લેશ,શાસન.૨૩
બુદ્ધિશાળી પુન્યશાળી બાળુડો, જીવજો વર્ષ હજાર; શા—
આંખ્યોની કીકાથી અધીક છે વ્હાલો, જીવનો જીવનહાર.શા.૨૪
સ–સુઆને ચંદન અતર અરગજા, અંગ વિલેપે આપ. વ્હાલો.
ઘોડાની ગાડીઓ નિત્ય દોડાવે, પુરવ પુન્ય પ્રતાપ.વ્હાલો. ૨૫
સે'–આ સરવે એનો પૈસો છે, ખુબ ખરચે ધરી ખાંત; શા૦
થાય ઉચાટ જતાં રજ આઘો,નિરખ્યાથી મુજને નિરાંત.શા૦
સ–શ્રી જીન શાસન સોભા વધારશે, થાશે વડો વિદ્વાન. વ્હા૦
સકળ કળામાં કુશળ દીસે છે, મહીપતિ દેશે માન. વ્હા૦ ૨૭
સે'–એ થકી સુખીયાં આપણ આહા!! દીકરો ડાહાપણદાર વ્હા.
સ–વાત સુપુત્રની વરણુવીએ શી, વાણી થકી વારંવાર. વ્હા૦૨૮

મો—(પ્રવેશ કરી)   ગીતિ–લાવણી.

સાહેબ સમય થયો છે, પધારીએ ભોજન કરવા ભાવે,
સ—બોલાવ્ય જા સુમતીને..............................
સે—..................અમને એ વીણ જમતાં નહીં ફાવે.૨૯
મો—ઉઠો એમણે ખાધું સ્વારથીઆ સાથે જાશે ફરવા;
સે—લે તારે આ ઉઠયાં. ....
સ—......................આગથા ધાંટા કાઢે શું કરવા. ૩૦

પ્રવેશ ૨ જો.

સુમતિવિલાસ—(ખુશ રહો સનગજા.—એ રાહ.)

સુણ સજ્જન સંધ્યાસમયસેલનેસારૂ, ફરવાચાલો ફાંકડાથયું મનમારૂં
ઘોડાગાડીમાં રોજમોજ ગારૂંછું, પણ જવું ચાલતા આજલાલધારૂંછું
સ્વા–સાહેબની મરજી એજ અમારી મરજી, આપો અંગરખું
તમે સ્વીકારી અરજી
આવીશું પાછા સેલ કરીને જ્યારે, જમવા જાવુંછેપછી શેઠજી મારે
સુ—જાજે જમવાને કોણ તને રોકે છે......................
મો—..................એટા બાપા આગળ એમાં શું કહેછે.
સ્વા—લે આ મુકી દે ફકડ પેલી પ્હેરૂં, ...
જો—..................આ પ્હેરૂં ધોતીયું અરે સેઠજી ફેરૂં.૩૩
સુ–જાવુંછે ફરવા બહાર અમારે એને........................
મો—..................જોઈતા જોઈએ તો આપ્ય જુતીઓ એને.
જો—જઈ પેલા ઓરડે જુઓ જુતીઓ જડશે, અંગરખુ આનું
આજ પેરવું પડશે. ૩૪

સ્વા—જોડા એ નાના નહી પ્હેરતાં ફાવે...................
મો...................ક્યાંથી અક્કરમીના પગમાં એ આવે.
સ્વા—જોડા જોઇએ નહી પગે ઉઘાડે જઇશું,
શું કરવું શેઠને કાજ એટલું સહીશું. ૩૫
જો—લ્યો પાનબીડી પણ તમે સોપારી સાથે,
ભભકો મારીને જાઓ શેઠ સંગાથે.
સ—અત્તરનું પુંબડું આપ્ય કાનમાં ઘાલું,
શેઠજી બરાબર બની બજારે ચાલું. ૩૬
જો-કામ શેઠ સ્વારથીઆનો વિશ્વાસ કરે છે,
એ પ્રપંચી પૈશા પટાવી પેટ ભરેછે.
મો-જોઈતા જોવાને આજે પાછળ જઈયે,
કરી ખરેખરી ખાતરી શેઠને કહીયે. ૩૭

પ્રવેશ ૩ જો.

કપટકળા— **ગીતિ લાવણી.**

આમ "**કામસેના**" તું, વિરહાનળથી વ્યાકુળ થઈ વારૂ;
યાર કીયો ઈચ્છે છે, અંતર રાખે મુજથી શા સારૂ. ૩૮
કા—જાણી તને અજાણી, શાણી "કપટકળા" શું પુછે છે?
નથી સુઝતું કાંઈ, રે મુજને સ્મરશત્રુ પજવે છે. ૩૯
જે મેં તને બતાવ્યો, કાલે ઝરૂખેથી સંધ્યાકાળે,
એ મનમંદીર આવો, પ્રેમઅગ્નિથી બેન મને બાળે. ૪૦
કુ—અરે ઓળખ્યો એને, વણીકજાતની સોબત શી કરવી.
આપણુ સગ સ્વારથીઆ, યાર કરી ધનઆશ નહીંવરવી. ૪૧

કામસેના—કાલિંગડો દાદરો. બદલ ગયો નેનાંરે એ રાહ.

મદન પડ્યો કેડેરે (૨) ઘણી ગભરાઈરે.—મદન. એ ટેક.
મનહસ્તી મસ્તીમાં આવ્યો, માવત અંકુશ ક્યાંઈરે; મદન.
કોકવિચક્ષણ વિણ વિહ્વળ હું, તુજ મન ગાંડી ગણાઈરે. મદન–૪૨
જો સ્વપ્ને સંજોગ બનેતો, પોઢું પલંગની માંહિરે. મદન—
પણ પતિવિણ નિંદ્રા નહીં આવે, કાળજડામાં થાય કાંઈકાંઈરે, મદન–

કુ—બળાપો ન કર બાળારે (૨) વિચારી કાંઈરે, બળાપો. એ ટેક.
આ ત્રીત ગુણુકાને કરવું આ, આપણી એમાં કમાઈ રે. બળાપો

કા—જોબન પૂર વિષે જાવાની, સ્વારથ સમજ તણાઈરે. મદન. ૪૪

કપટ— **ગીતિ લાવણી.**

એથી અધિક રૂપાળા, રાજ કુમર તુજને રાખે રંગે;
સુખ સખી શું મળશે, શેઠસદાફળ તણા પુત્ર સંગે ૪૫

કા—((પીલુ દીપચંદી કહુછુ નસીબે દુખિયો કીધો છે એ રાહ)

લાખ્યસખીએનેમનલલચાણું, એથીઅધિકમીજોજગમાંનજાણું. એ ટેક
મન મોહન મદને અલી મુજને ઘાયલ કીધી છે મન ગભરાણું; લા
ભ્રમરધનુષ થકી નયનકટાક્ષે, અરર કરયું મારૂ કાળજુ કાણું. લા.
ચતુર મનોહર ચંદ્રવદનથી, પ્રેમની ભરતીએ હૃદય ભરાણું. લા.
સુંદર સાડી સિંદુરીના સરખી, ગમતું નથી હીરા મોતી ઘરાણુ લા.
શું રે કરૂં સખી સંગીત સાજ આ, વ્હાલા વિના ગમે ગાવું ન ગાણું.
રસવતી રસિયા વિના પીરસી પણ, ઝેર જેવું લાગ્યું કંઈ ન જમાણું.
હેમપલંગ હુતાશન સરીખો, બાળે શરીર મખમલનું બીછાણું; લા.
તો સુખદાયક શયન સામગ્રી, મનગમતાથી મદનસુખ માણું. લા.

(ઝરૂખે જોઇ) ગજલ. નારીના કટાક્ષ પાસે. એ રાહ.

જો સખી ઝરૂખે પેલા આવ્યા પ્રાણનાથ,
સમજાવીને લાવ્ય સ્નેહ બાંધુ તેહ સાથ,
ચિત હરણ ચતુર વિના પડતું નથી ચેન,
આડી અવળી વાત બધી મુકય મારી બેન. ૫૦

ક— લે બોલાવી લાવું બાઈ હું તારી હજુર,
એ પ્રપંચપાસ સર્વ જાણુંછું જરૂર.
ઘર વેચાવ્યાં કંઈક તણાં પાઈ વિષય વીખ,
ભલભલાને ભોળવી મગાવી મેં તો ભીખ. ૫૧

કા— હાથમાં ગુલાબ છડી ચાલ છટાદાર,
જલદી જા બોલાવ્ય મારો એ હૈયાનો હાર.

સુ—(સ્વગત)

કાંક વાત કહી સખીને મારી નયનબાણ.
આવશે બોલાવવા શું હરણ કરવા પ્રાણ. ૫૨

ક-(રાગ સોરઠ ત્રિતાલ પિયા પરદેશનમેં રહીઆ એ રાહ.)
ઉપર અલબેલા આવો, સુંદર શા સારૂ તરસાવો ઉપર-એટેક,)
બાઈ અમારી આપ વિયોગી, સુરત ક્રીડા કરીએ સંજોગી.
અધરામૃત આરોગી, ભાગની ભોગી લ્યો લ્હાવો. સું—ઉ ૫૩

સુ—જીલ્લો ત્રિતાળ. હાલ અપના કહુ મે કેસે (એરાહ.)
પ્રેમવચન શરથી મન વિંધી, સ્નેહ સાંકળી સજડ જડીરે.
તિરછાં નયન કરે તન તાણે, પ્રિય ચિતવૃત્તિ કેદ પડીરે. પ્રે. ૫૪
આ ગણિકા મગ મનમૃગ ઘેરી, ખસવા દે નહી ગોખ ખડીરે.
સત્ય શિયળ નીતિ સંહારણ, મદનફોજ ચોતરફ ચઢીરે. પ્રે. ૫૫
કાંઈ ન સુઝે સજન શું કરવું, આપ્ય સલાહ કંઈ ઘાટ ઘડીરે,

સ્વા-સાહેબ શું કરવા શરમાઓ, જાઓ સુખે નહીં વાત વઢીરે,૫૬

(સુમતિવિલાસને શરમાતાં જોઈને **ત્રિતાળી ચોપાઇ.**)

મારા સમજો તમે શરમાઓ, ભલે વેશ્યા ભુવન મહીં જાઓ;
હું તો ખાનગી મિત્ર તમારો, ક્યાંઈ વાત નથી કરનારો. ૫૭
દેશાટનને પંડિત જન પ્રેમ, અતિ શાસ્ત્રનું વાંચવું એમ;
વેશ્યા ઘરને કચેરી પ્રવેશ, વધે ચતુર પણું ત્યાં વિશેષ. ૫૮
નીતિ શાસ્ત્રે કહ્યું નિરધાર, વેશ્યા સ્નેહમાં શેઠજી સાર.
જો-સાળે આશું ઉંધુ સમજાવ્યું, એના લમણાંમાં જુતું જડાવું.૫૯
મો-વડા શેઠનું થાય વગોણું, નથી કરવું જગતમાં જોણું.
તારામ બાજર વસેછે તમામ, છાંનો રે કાઢી નાખશે કામ. ૬૦
વેશ્યાવાડો વટાવીને જઈએ લબડધક્કે એને પછી લઈએ.
સ્વા-તમે દોસ્ત મારા જીવજાન, વિંટી આપો આતો મહેરબાન ૬૧

સુ—　　　　**ગીતિ લાવણી.**

હીરાની વીંટી હૂં, લે આપું જા આંગળીએ ઘાલી;
બતાવજે બઈરાને, મલકાતી મુખ પંગતમાં મ્હાલી. ૬૨

સ્વાર્થદત્ત　　　　**ત્રિતાળી ચોપાઈ.**

સેઠ સાહેબ તમને શાબાસ, અમ જેવાની પુરતા આશ,
બળીરાયથી અધિક ઉદાર, ઝટ જાઓ એમાં શો વિચાર. ૬૩
લાલ આપ કને રજા લઉંછું, થયો જમવાનો વખત હું જઉંછું
સુમ—ઠીક જાઓ મને કાલે મળજો,
　　બોલ્યા બોલ પ્રમાણે પળજો. ૬૪

સુમતિ—(કંટકળાને) **કલ્યાણ દીપચંદી.**

નાના મારે એની સાથમાં જાવું, એને મૂકી ઘર એકલો આવું;

કુ—જાઓ કીહાં શેઠ સ્નેહ જણાવી, બાવરી બાઇ અમારી બનાવી.૬૫
હરણુ કરયું મન મુખ મલકાવી, લોચનને લટકે લલચાવી. જા
ભરજોબનમાં મગ્ન સખી આવી, ભૂરકી નાંખી શુધ બુધ ભુલાવી.૬૬
ખાન પાન ગુણગાન તજાવી, સ્નેહની જાળે સખી સપડાવી. જા
એને અનંગે અતિ અકળાવી, સુરતસમુદ્રમાં સજન ડુબાવી. ૬૭
સુ—સ્વારથીયો ગયો સારૂ લગાડી, હાંવાં થએ કરેંવાત ઉઘાડી
લાલ ચાલ્યું જવું પ્રેમ લગાવી, આવી કળા ખોટી કેણે શીખાવી. ૬૮
મદનઅરી થકી આપ મુકાવી, બીરૂદ સફળ કરો જીવ બચાવી
રસીક કુંવર રંગ મ્હેલમાં આવી, શાંત આપો સુંદરી સમજાવી. ૬૯
કા—(જંગલો જંજોટી ત્રિતાળ સજ્જન મુખડા મતલાવોરે. એ રાહ)
પધારોને પ્રિતમજી પલંગેરે, રંગરસ રમીએ રાજ આજ. પ્રિતમ(એટેક)
તુમ દરશન દીઠેથી દીલહર, ઉષ્ણુ થયું છે આ તન સુંદર,
રોમરાઇ મમ થયાં વિકસ્વર, આવો મળીએ ઉમંગેરે. રં—પ્રિ૦ ૭૦
પૂરવપુન્ય પ્રતાપે પામી, તુજ પદ સેવા સુખકર સ્વામી,
વિરહાનળની વેદના વામી, પાતળીયા પ્રસંગેરે. રં—પ્રિ૦ ૭૧
પ્રાણજીવન મમ પ્રાણથી પ્યારા, નિમિષ ન મુકુ નાથજી ન્યારા;
કામ અનળ શિતળ કરનારા, આલિંગો અંગેરે. રં—પ્રિ૦ ૭૨

પ્રવેશ ૪ થો.

સ્વાર્થદત્ત—(સ્વગત) **ઇંગ્રેજી લાવણી** છે જનપાળક. એ રાહ.
ગણિકાના ઘરમાં શેઠ ગયા, લોપી નિજ કુળની લાજરે.
શિખામણ દેતાં ધીક્કાર, લાભ મળે નહી મને લગાર;

ઉલટા કોપે અપરંપાર, કદી બગડે ગમકાજરે. ગણિકા. ૭૩
શ્રીમંત તણા ઘરમાં ઘુશી, ખુશામતથી કરીએ ખુશી,
અવળા ચાલે તો તસ ભોગ, શાથી રાખુ એનો શોક;
અહી મીઠા ભાષણના મોખ, સૌમાં આપુ સાજરે. ગણિકા. ૭૪
હું ગણિકાને ગમતું બોલ્યો, પણ ખરો વિચાર નહી બોલ્યો,
એમાં આપણને છે લ્હાણુ, વેશ્યા કરશે ઘણા વખાણ,
વળી શેઠને વ્હાલી વાણ, બંદા બોલ્યા આજરે. ૭૫

મો—(પ્રવેશ કરી)—**ઇંગ્રેજી દાદરો,** સુંદરી રીસાવુ આમ. એરાહ
સ્વાર્થદત્ત સ્વાર્થ તું તો સાધવામાં ઠીક છે

જો—(પ્રવેશ કરીને)—કેમો રે' હરામખોર, બોલ્ય શેઠ ક્યાં ગયા,
મો—(જરા ધીમે)—ફોસલાવી ગર્થ ગાંઠે ગાંઠવામાં ઠીક છે? ૭૬
જોધ્ધતો—(રીશથી) શેઠને બગાડનાર આ ગમાર માર માર.
મોદકા—(ચાળાકરી)—આમ છેક શું વિવેક મુકવામાં ઠીક છે?
સ્વાર્થ—પરની શી પડી તમારે, ન્હાવા ઉકવું નથી,
મો—લ્યો હવે જવાદ્યો મારૂં માનવામાં ઠીક છે,
મોદકા—(રૂપૈયા લઈ) તમને અમને કાલ અંગ વસ્ત્ર એ અપાવશે
ડાટી વાત ભ્રાત આમ રાખવામાં ઠીક છે. ૭૭
જો—અડાવી એક બે જડાવી પેલી વીંટી લે પડાવી,
સ્વા—(સ્વગત) એકલો અહીંયું વિંટી આપવામાં ઠીક છે. ૭૮

સ્વાર્થદત— **ગીતિ લાવણી.**

આ લ્યો બક બક મુકો, કાલે તમને કરાવશું રાજી,
જેમ થાય તેમ જોવું, ઘેર જશો જો કરશો પતરાજી. ૭૯
ભોગ શેઠના ભાઈ, ઉજાગરો શો એમાં આપણને;

સ્નાન સુતક નહી આવે, દીલમાં વિચાર લાવી ડહાપણને.૮૦
ખુબ ખુશામત કરીએ, આપ ઉદર ભરવાને ધન હરવા;
નિજ સ્વારથ મુકીને, શિક્ષા દેવા જઈએ શું કરવા. ૮૧
જો--આવાની સોબતમાં, બહુ છોકરા શ્રીમંતના બગડે;
સ્વા--મુકય જવું જમવાને, અરે નકામો કેમ મને રગડે. ૮૨
જો--ઠીક ઠીક આગળ થા, હુંસેથી નહી તો પૂજા થાશે.
મો--દુધપાકને પુરી, જરૂર જમાડું ચાલ્ય શેઠ પાસે. ૮૩

પ્રવેશ ૫ મો.

સેજલદે-(ગાની બાઈરે દાદલા કેમ લીજે. એ રાહ).
સમીસાંજનો ગયો સુગતી, સ્વારથીઆની સંગે;
સદાફળ-અરધી ગઈ પણ હજુ ન આવ્યો, આભૂપણુ છે અંગે.
આવે ક્યાંથી તનુજ તારો........................
સેજલદે-..................મારો રોગો સ્વાર્થદત્ત નથી સારો.
સ્વાર્થદત્ત-(નેપથ્યમાં)........મને સાથી વગર વાંકે મારો ૮૪
સેજલદે-બ્હાર સાદ સ્વારથીઆ જેવો,........................
જોઈતો-(નેપથ્યમાં)........................હેડ હવેલીમાંએ,
સેજલદે-જોઈતો પણ સાથે છે સ્વામી ....
સ્વાર્થદત્ત-(નેપથ્યમાં)......................મારે મોડું થાએ.
મુકી જવું છે જમવાને.............................
મોદકાનંદ-...........હજુ માર્યા વિના તું આલ્યા નહી માને,
સ્વાર્થદત્ત-ચાલો આવું છું ધક્કામુક્કા મારોછો શાને. (પ્રવેશ કરતાં)
સદાફળ-અરે એકલો તું આવ્યો ને, કેને સુગતિ ક્યાં છે.

મોહકાનંદ-ભૂંકય ગયેડા તારા મુખથી, ગણિકાના ઘરમાં છે;
સેજલદે-જુઠું શું બોલે છે જાજા;........................
મોહકાનંદ-..............હજુ રહ્યાં શેઠાણી તમે તો રાજા,
જોઇતો-મુકી મુકી ચુકીને કુળની માજા..................૮૬
મોહકાનંદ-નિજ સ્વારથ સાધન સ્વારથીએ નીતિશાસ્તર બતાવી
કાગસેનાની કને મોકલ્યા, ભોળા શેઠ ભમાવી.
સદા:સેજ-ચાલ્યા એવું તે હોય જાજા....................૮૭
જોઇતો-મોહ-અરે તમારા પગના સોગન, વાત છુપાવા માટે;
આ વીંટી સ્વારથીએ લીધી, અમે પડાવી વાટે.
પુડે ગયાતા નહીંગાનો?............................
સ્વાર્થદત્ત-..............નહી ગયો વખત મારો જગવાનો,
સેજલદે-કેને સાચુ મારા મીટયા તું રહી છાનો............૮૮
સ્વારથ--   **ગીતિ લાવણી.**
વાઘણુ મૃગને ઘેરે, એમ શેઠને ગુણ્કાએ ઘેર્યાં
શું મારૂ ત્યાં ચાલે, પ્રેમ પાસમાં પડયા કામ પ્રેર્યાં.   ૮૯
સદા—સોગત તું સુમતિની, કદી કરીશ નહી સાફ તને કહુછું.
સ્વા—વાંક નથી કંઈ મારો..................................
મો—.................રોઝ તને હું રોજ ડામ દઉંછું.   ૯૦
સે--અરે ઘણું મેં આલ્યુ ગરીબ ભોલા પણ તે ઘર ઘાલ્યુ;
જા કર્યું તારૂ કાળુ...................................
મો--.............................ડોળ બેસવાનું કાપ્યું કાળુ.૯૧

પ્રવેશ ૬ ઠ્ઠો.

કામસેના--તાળ દીપચંદી મોહાલે પધારો (એ રાહ)

મારો પાવન કરિઓ પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
રમ્યા રસીક રસિકાથી રંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
આજ ઉપજી શિતળતા અંગ, પ્યારા પ્રાણનાથ પધારી (એટેક)
પ્રેમહીંચોળે હિંચીઆ, સ્વામી દાસી સાથ,
મન માન્યું સુખ માણીયું, હેતે ધાલી ગળામાં હાથ. પ્યારા. ૯૨
ચંદનતરૂ ચિતહર તમે, હું વ્હાલા થઇ વેલ.
વૃદ્ધિ પામી વળગતાં, સ્નેહ સેલડી રસથી સિંચેલ પ્યા. ૯૩
શરદઋતુ સોહામણી, પૂરણ ચંદ્ર પ્રકાશ,
મંદ પવનની લ્હેરમાં; વ્હાલા વિલસો છો વિવિધ વિલાસ. પ્યા. ૯૪
અંતઃપુરમાં એકલા, છાના રાખુ છેલ,
કોકકળાને કેળવી, રમી રસિક કરો રંગરેલ. પ્યા. ૯૫
તન મન ધન અરપણ કરી, રંજન થઇ દીન રાત,
હાજર રહીશ હજુરમાં પ્રભુ અવર પુરૂષ ભ્રાત તાત. પ્યારા. ૯૬

સુમતિ વિલાસ–(કાલીંગડો–ઠુમરી એ ટેક.)

પ્રિયા મારીરે પ્રાણ થકી તું છે પ્યારી,
સુંદર વદન સરોવર અંદર, નયન કમળછબિ ન્યારી, પ્રિયા.
તું કોમળ કેમ કાળજું કાપે મારી કટાક્ષ કટારી. પ્રિયા. ૯૭
ગાલ ગુલાબીએ બિંદુ બિરાજે, મૃગમદનું મનોહારી, પ્રિયા.
મંદ હશી મમ મનતેં હરીયું, અમૃત વચન ઉચ્ચારી. પ્રિયા. ૯૮
કનક કળશ કુચ કંચુક કસીઆ, સ્પર્શ સદા સુખકારી. પ્રિયા.
નિરૂપમ નારી તને નિરખાવી, ઉર્વશી ગરવ ઉતારી. પ્રિયા. ૯૯

રોજરહિશ તુજ સમીપ રસિલી,સજ્જન સંબંધ વિસારી, પ્રિયા.
હાલ પિતાજીની પાસે જવાની, વૃત્તિ કરી છે વિચારી. પ્રિયા૭૯

કામસેના––(દાદરો, કાન્તા કેમ થશે. એ રાહ.)

નાથ નવ કરો વાત ઘર જવાનીરે, વિરહલાય શું વેડાગ.
નહી જવાય, લાગુ પાય, દાસીછુ સદાનીરે. નાથ––૮૦
પ્રેમનો ઝરો, તક મળી પીવાનીરે, સ્વામિ સંગ, રમવા રંગ,
આ પ્રસંગ, છે ઉમંગ, જાય છે જુવાનીરે. નાથ––૮૧

સુ––ફીકર પર હરો, મારૂ વચન માનીરે, જાઉંબાગ, લેઈદાગ,
કરીને કામ, આવું આમ, શું પછી કહેવાનીરે. ફીકર––૮૨
ધીરજ મન ધરો, તજી દેઈ દિવાનીરે, મોહબાણ પકડીપાણ,
વિનયવાણિ, લાવે તાણિ, વખત પહોડવાનીરે.

ગીતિ.

કા––વિરહાનળથી બળતી, મુજને મુકીને નિજઘર જાવું;
ભોગી ભલે પધારો, ખચીત મારે આજ નથી ખાવું.

સુ––ચતુર વિચક્ષણ ચતુરા, ઘટે નહિ તારે ઘેલું થાવું;
તારા સમ હું ખાઉં, હરિણાક્ષી હમણાં જઈને આવું.

પ્રવેશ ૭ મો.

જો––(**ભોપાળી કલ્યાણ દાદરો.** આઈ વેરી ગુડ. એ રાગ)

ભાઇ પટારો કેમ ઉઘાડચો, જોઉ કુંચી બેસારી કેઇ;
સાહેબ બાપા બ્હાર ગયા છે, શું? ખુંજામાં ઘાલ્યું લેઈ. ૮૮
બધું ઘરેણું કયાં લેઈ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ;
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ. ૮૯

સુ––ચબાલા તું ચઢી ગયો છે, પરની તારે શી પંચાત;

બસબસ તારે નહી બોલવું, હમણા પાછળ પડશે લાત. ૯૦
નીચ જાત ચાકરની તારી, આબરૂ જોડા ઉચકનાર;
ચાલ્ય રાંડના હવે અડાશા, બંદાનો આ ચાલ્યા બ્હાર- ૯૧

ગીતિ.

સદા-સુમતી વિલાસ સાથે, કરે ધમાધમ અરે આમ શાથી
જો—આ તાળુ ઉઘાડયું, હાર ઘરેણું ગયું મંજુસમાંથી.
સ—**બનઝારો**—(પ્રીય મિત્ર વિના હો ભાઇ—એ રાહ.)
પ્રજળે મારૂં મન પ્યારી, નિરખી સુત ચાલ નઠારી,
સે,—મેં વાત પ્રથમ નહી માની, પણ છેલાઇ નવ રહી છાની;
થઇ ખરી ખાતરી મારી, નિરખી સુત ચાલ નઠારી. ૯૮
સમજી એને મેં સારો, કરીયો નહી કદી તુંકારો.
એ ભુલ થઇ છે ભારી, નિરખી સુત ચાલ નઠારી. ૯૯
સ—વ્હાલી તેં અધિક વખાણ્યો, અંદેશો અલ્પ ન આણ્યો,
પણ સોબત મળી ન સારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૦
ઉઘાડી પુત્ર પટારો ટંકાવળી હાર તમારો.
કર્યો હરણ રહ્યો હું હારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૧
સે'-શી રીતે હું સમઝાવું, રે ઘડપણમાં ગભરાવું;
જેમાંથી થશે જુગારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૨
કિંચિત કહેતાં કોપે છે, લજ્જા કુળની લોપેછે;
સૌ વિનય વીવેક વિસારી, નિરખી સુત ચાલ નઠારી; ૧૦૩
સદા-પેઢીમાં કદી ન પેસે, બઘડી મમ પાસ ન બેસે;
જાય નિત રમવાને જારી, નિરખી સુત ચાલ નઠારી.
કંઇકે ધન મીલકત મેલી, હરરાજ કરાવી હવેલી.

નજરે જોયું મેં નારી. નિરખી સુત ચાલ નઠારી.

પ્રવેશ ૮ મો.

કામસેના-(ખમાચ જીલ્લો દાદરો, આવત મોરારી એ રાહ.)
વાલમ આવેરે (૨) આલીજોને આ આનંદ કંદ,
નંદનંદ મંદમંદ હસી હસાવેરે, વાલમ—
ચંદ્રવદન મદન મોહન, નયન નિજ નચાવે,
ચતુર ચિત્ત ચળાવે, ઇશક આપથી લગાવે;
તાપ સૌ સમાવે, ભેટું ભાવેરે. વાલમ—

સૂમ—(ખમાચ જીલ્લો પંજાબી, સૈયાં છાંડદે મોરી બૈયાં એરાહ)
પ્યારી શુણ તું જીવન મારી, પ્યારી— એ ટેક.
લે આ હાર અમુલખ આપું, કોકિલ કંઠે ધારી. પ્યારી—
તુજ તનવનમાં મમમન મૃગલુ, અથડાતું અવિચારી. પ્યારી—
કુ-નહીં ડર ઉરગીરી ઉપર ફરેછે. સર્વ વિવેક વિસારી. પ્યારી—
સુ-નાજુક ઉપર નયન બાણશું, ફેંકે મદન શીકારી. પ્યારી—
વેણી નાગણનો ડર મુકી, ભટકે પણ ભય ભારી. પ્યારી—
કુ-કદળીજંઘે કોમળ મૃગને, પા પ્રીતિ રસવારી. પ્યારી—
કા-પ્યારાછો મનમોહન મા'રા, પ્યારા— (એ ટેક)
પીશે પ્રીતમ વદન બાગમાં છે અધરામૃત કયારા. પ્યારા—
કુ—જાય ચા'ય ત્યાં ચતુર નથી ડર, મારગ સકળ સુધાર્યા. પ્યરા—
આ તન વન સુંદર મનમોહન. નાવે ચોર નઠારા. પ્યારા—
કા-મમવૃત્તિ હરણીથી હરણે, સહુ મનોરથ સાર્યા. પ્યારા—

સુ—ખમાચીની ઠુમરી-પંજાબી (પીયા બીનાજીઆમોરા એ રાહ.)
મારી પ્યારી આ તમે ઉઠીને મુકો ઠીક, (એ ટેક.)

લાવતાં ધરાણુંરે, જોઈતાએ તો જાણ્યું રે;
તાણ્યું તેણે તોય આણ્યું આડાવી અવીક— મારી.
ખામી હશે ચાડીરે, કેદ હું પોહાચાડી રે;
હગણાં આવુ જાવુ જોઈએ, બાપાજીની બીક—મારી.

કામ—જોગીઆ આશા. (જફાવો સીતમકુ. એ રાહ.)

ખરે પ્રાણ પ્યારા તજીને મને, હજી શું જવું છે પિતાજીકને;
સુ—સમજતી નથી તું જરાસુંદરી, અરે આંખ આંસુ થકી આભરી
કા—છબીલા પતી છોડનારી નથી, જુદી નહી પડે માછલી નીરથી.
સુ—જરાવાર જઈઆવ આવું અહીં, અમારી ન થા સત્ય બોલું સહી,
ઘડી એક ઘરમાં નથી ગોઠતું, નથી ચિત્ત વપારમાં ચોંટતુ.
કા—મને પ્રેમ ઓછો દિસે છે પતી, બીજી કામએ શું? બગાડી ગતી.
સુ—અરે વ્હાલી તું આગ આ શું? વદી,......................
કા—..........................પધારો પલંગે જવાશે કદી
તમે આગ બાનાં બતાવો નહી, રસીલા વિના હું શકું શું રહી.

પ્રવેશ ૯ મો.

સેજલદે-(રામગ્રી.દીપચંદી.કુંવરી કુંવર મારા લાડકા એ રાહ)

સ્વામી શરીર સોસાઈ ગયું, આમ કરતા ઉચાટ;
ગાયવથી ગટતા નથી, લખ્યા લેખ લલાટ; સ્વા—
સદગુરૂથી સુધર્યો નહી, સુણી સદઉપદેશ;
સ્વારથદત્તની સોબતે, વંઠયો પુત્ર વિશેષ. સ્વા—
હાજીયો હાજી હાજી કરે, હરવા માલ હરામ;
એણે ઉત્તેજન આપીયું, જવા ગણિકાને ધામ. સ્વા—
ભણવુંને ગણવું ભૂલી ગયો, આળગો મૂકો આચાર;

જાતો નથી જીન મંદિરે, વળી તજ્યો વેવાર. સ્વા—
ઢાંક્યું રહ્યું નહી ઢાંકતાં, કર્યો વેસ્યાએ કેર;
એક દીવસ અઠવાડીએ, આવે આપણે ઘેર. સ્વા—

સદાફળ—શાને રડેછે તું સુંદરી,! સમજી શાસ્ત્રનો સાર;
અમને શિખામણ આપતાં, આશી આંસુની ધાર.શા—
ધરમ નીતિ તજતાં થકાં, નહીં ધમકાવ્યો નામ;
સમજણ વગર સ્વતંત્રતા, આપતાં થયું આમ. શા—
સંસારમાં સુત સુંદરી. છુટાં મુકતાં છેક;
પસ્તાવું પડશે પાછળ થકી, વહી જાતાં વિવેક. શા—
ખાલીથએ ધન ખાનગી, માગ્યુ મુનિમની પાસ;
વિલંબ થતાં વઢયો તે થકી, એથી મુનિમ ઉદાસ.શા—
નિંદાએછે નાત જાતમાં, લુચ્ચો કહે એને લોક;
હલકો પડયો સગાંબ્હાલામાં, વિવાહ કરશે શું ફોક. શા—
હાડો વિના ગયો હાથથી, હવે કરવું શું હાલ;
તે તો નથી મને સુજતું, બધો બગડયો છે તાલ.શા—

સે,— **ત્રિતાળી ચોપાઇ.**

બસે આવ્યો આ અવસર ભાઇ, સાંભળે તો તને કહીએ કાંઇ
સુ—મારૂં માથું માડી નિત ફોડો, એથી ઘરમાં આવું છું હું થોડો,
હમણા કરશે મારા બાપા બકવા, તેતો નાહીદે મને અહીં ટકવા;
બોલ બોલી કરોછો બેજાર, બાપા આવ્યાથી હું મારે બ્હાર.
સે,—શું તું આમ કરેછે તે સારું, નથી આપણે તો નારૂ કારૂં
ડાહ્યા થઈને શું થાય છે ગાંડો, છોકરવાદી મોટા થયા છાંડો
જક કરવી શી હમણાં જવાશે, જરા બેસ તારા પિતા પાસે

સુ—મુકી દેને ગાડી છેડો મારો, નથી મુજ સમ બીજો નઠારો.
નથી રોકયો રેહેવાનો તમારો, હાહા જઊંછું ત્યાંતો હું જનારો.
બુદ્ધિ બગડી બુઢાં થઇ બાઓ, તમે મારો મુકાવ્યો મલાજો.
સ—પથ્થર જથરવથર કયમ બોલે,..........................
સુ—.................વારૂં છો રહ્યા પથરાની તોલે.
પણ તમને ઉઘાડું જણાતું, આવું દેખી હવે નહિ આવું,

ગીતિ લાવણી.

આમ મને અપમાની, ઉઠયો આપણા કુળમાં અંગારો;
હાય હવે શું કરવું, જશે ઝુરતાં જનમારો મારો.
સ—અરજ કરી રાજાને, તજાવશું વેશ્યાનું ઘર તેને;
ઉપાય છેલ્લો એ છે, મારા સમ છે તું રડતી રેને.
સે,—નથી સુજતું સ્વામી, અરે લોથ વાળી તેં જગલાડી;
જો—વખાણ વેળા થઇ છે, ઘણી વારથી આવી છે ગાડી.

પ્રથમ અંક સમાપ્ત.

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સદા—(સોરઠી ગજલ ડુબ્યો આજ તાપ વિલાપમાં. એ રાહ)
આજ આવી રાજ હજુરમાં, કર જોડીને કરૂં વિનતિ. એ ટેક.
એક કામસેના વેશ્યા અહીં, સાચી શત્રુ તે તો મારી સહી;
રાત દીન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતિ. આજ.
કુળમાં કલંક કપુતથી, અમને જરા ગાંઠતો નથી;

એથી આપને કરૂં અર્જ આ, મુકી ભેટણું પદ ભૂપતિ. આજ.
હુકમે અમારી પીડા હરી, ગણિકા કનેથી કૃપા કરી;
આમ પુત્ર આપ અપાવિએ, થાઓ રાજની ચડતી રતી આજ.

કન— (ભરથરી ભ્રાતા વિચારીને તમે—એ રાહ.)

સુણો નગર શેઠ (૨) સૌ સાંભળી વાત તમારી,
રાજ નીતિની રીતથી, અંતરમાં અમે ઉતારી.
પરનું ખેતર (૨) જો ઢોર આપણાં ખાએ,
ક્ષેત્રધણીને શેઠજી શિક્ષા શીરીતે થાએ.
કોઈ ઘર વેચી, (૨) બાવો બની વટલી જાએ:
રાજ તરફથી તેહને કહો શીરીતે રોકાએ.
વળી મૂર્ખ મનુષ્ય (૨) નીજ મનની મેળે મરશે;
અપરાધી એ વાંકનો બીજો શીરીતે ઠરશે
તમ પુત્ર એમ (૨) વેશ્યા મંદિર જઈ વસિયો;
કેમ કરીએ એને અમે જે હાડ શ્વાન સમ રસિયો.
વળી ગુન્હા વગર (૨) ગણિકાને નવ દંડાએ;
કરીએ શું તેને કહો જે ચાલે નિજકુળ રાહે.
તમ શરમ થકી (૨) ચાલો ગણિકા ઘર આવું;
મારૂં જોર નથી જરા જો સમજે તો સમજાવું.

સચી—વેશ્યા મંદીર (૨) સ્વામી શા માટે જાવું;
હુકમ હજુરનો હોય તો એને અહીઆં બોલાવું;

કન—ના ત્યાં જઇશું (૨) અડચણ એને નહી કરવી;
જાતે તસ્દી લેઈને હરકત શ્રેષ્ટીની હરવી.

સદા—માહારાજ કૃપા (૨) નિજ પ્રજા ઉપર રાખો છો;

ગરીબ તવંગરને સદા, ઈનસાફ અદલ આપો છો.
વિદૂ—એક છે અરજી (૨) માહારાજ તણી શી મરજી;
સચી—ભલે વિદૂષક છે હુકમ ખુશ સરવ કચેરી કરજી.

વિદૂષક— **ચાબખા.**

અરજી સાંભળોનેસરકાર,મુજને ગાંઠતી નથી ઘરનાર (એ ટેક)
અગીયાર વાગે ઉંઘમાંથી ઉઠી, તરત તડકે જાય;
દાતણ કર્યા વિના મોચરીને મુળા, ખોળામાં લેઈને ખાય. અ.
વાંકુ ચુકું બોલી વઢવું ને રડવું, ફુઆડરાંડને રોજ;
ઘરમાંથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ. અ.
પાડા પાડોસીને ડોસી ડોસાથી, લઢી ચુકી લાખ વાર;
પોતાનાં બાળકને નિત્ય બઝુડે, મારે મને પણ માર. અ.
રાખના ઢગલામાં ફોરાં પડ્યા જેવું, રાંડના મ્હોંઢાનું રૂપ,
ભૂત ભડકાગણી મારે કુમારજા, ભડકી ગઈ છું રે ભૂપ. અ.
સુગરીના માળા સરખું છે માથું, વેંત વેંત લાંબા વાળ,
ખણતાં જુઓના ટોફળા ખેરવે, પરસેવાની પડનાળ. અ.
હોળી દિવાળીએ ન્હાવાનો નેગ છે, વડી ચતુર છે વહુ;
અંગે ઓઘરાળાને લુગડામાં લીખો, મારવાડ કેરી ગઉ. અ.

સદા—(સ્વગત) **ગીતિ-લાવણી.**

કૃપા કરી માહારાજા અપાવશે સુત વેસ્યા પાસેથી;
આજ સાસરે એને, ખરે પત્ર હું લખું ખુલાસેથી.

પ્રવેશ ૨ જો.

સુભગા— **(ત્રિતાળી ચોપાઇ.)**

સ્વામીનાથ મારા શીરતાજ, એક વિનતી સાંભળો આજ;

બુદ્ધિશાળી લીલાવતી બેની, વરવા યોગ્ય ઉમ્મર થઇ એની;
લખ્યા પત્ર વેવાઇને વહાલા, એવણે વાંચી ગાદી તજે ઘાલા,
ચડ્યો ગરવ હાહા કરી જેમ: નથી ઉત્તર આપતા કેમ. ૧

સો—આજ પત્ર વેવાઇનો આવ્યો, જુઓ કેવો વિચાર જણાવ્યો;
લખે છે કે લગન તમો લેજો, પછી પત્ર લખીને પાઠવજો.
વાંચીને અમો વિવા આદરશું, પછી કામ બીજુ બધુ કરશું.
હવે કાલ જોશીને બોલાવું, રૂડો લગન દીવસ લેવરાવું.
પછી પત્ર વેવાઇને લખાવું, જશ લેવાને જાન તેડાવું,
મોટી મંડપ રચના રચાવું, મુકી ઝાલર છાટ જડાવું;
હાંડી ઝુમરૂખ તખતા બંધાવું, ઘણા મૂલા ગલેચા બીછાવું.
જાનની સાથે નાત જમાડું, પ્યારી હુંશ તારી પુરી પાડું.

પ્રવેશ ૩ જો.

કામસેના—ગજલ (હમતો આશક હે એ રાહ)

કર્યું મમ ઘર પવિત્ર આજ પધારી પ્રભુ,
નમું નરવર લુંડીની લાજ વધારી પ્રભુ: કર્યું—
સચિવજી સાથ કૃપાનાથ મોટી કૃપા કરી,
હાજર હજુર છું ગુલામ થનારી. પ્રભુ કર્યું—

સચિવ-(રાજાની સુચનાથી.)**દાદરો.** સમાલતેગ અદાંકો—એ રાહ.
આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી, રે જરા વિચાર કરી
વારાંગના વિચાર કરી, આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી
પ્રાયે કપટી હોય વણીક તણી જાત ખરી;
સોબત સ્વાર્થીઓની કરવી તો વિચાર કરી. રેજરા—
પીકદાની સમ પવિત્ર વણીક મિત્ર વરી,

આડયું એ વિના રહ્યું શું કો' વિચાર કરી. રે જરા-
પાછી લ્યોને તમે આ સોનૈયા ભેટ ધરી,
માનો મહીપતીનું વચન સુવિચાર કરી. રે જરા-

કામસેના—(ક્રોધમાં) સુણો દીક્ષીતજી એ રાહ.)

સુણો સચિવજી ચતુર સુજાણ, છબીલો છોડનારી નથીરે. ટેક.
પૃથ્વિનાથ માગે તો આપું હું પ્રાણ છબીલો.
પ્રેમ ગાંઠ બાંધીછે કરીપ્રયાસ,છ,તમે તોડાવોછો શું બતાવીત્રાસ છ.
મનગમતાથી મોજ ન મુકાય, છ.જીવ જતાં સુધી જુદુ ન પડાય.છ.
આવું અપ્રીત ઉચરી વચન,છ.મોટી હોળી સળગાવી મારે મન છ.
મહારાજ મે'રકરી કરો માફ,છ. આવો અવળો થશે શું ઈનસાફ.છ.
તમે શિફારશ કરી હશે શેઠ, છ. વેસ્યા પાસે લેવા આવ્યા હશો વેઠ.છ
રાજા કોપેતો કાપીલે ભલે શિર, છ. ચા'યતો શુળીએ ચડાવે શરીર.છ
નહીનહી આવે આપને આવાસ,છ.મુકાઘોને મૃગતૃષ્ણા જેવી આશ.છ

સદાફળ—(ગરીબાઈથી) ગીતિ લાવણી.

અરે હવે શું કરવું, પુત્ર વિજોગે ઉપજે પરીતાપ;
પાંચ દિવસ પરણાવા, કૃપા કરીને અપાવીએ આપ.

સચિવ—(રાજાએ દ્રષ્ટી દ્વારા એ હુકમ કર્યો તેથી)

પુત્ર સેઠને સોંપો, રાજ હુકમને તમે માન આપી,
મન પસ્તાવું પડશે. આ જો છેલ્લી આજ્ઞા ઉત્થાપી.

કા—હજુર હુકમ ઉઠાવું, પણ જો અવધિ ઉપર દિન જાશે,
તો મમ મૃત્યુ થાશે, પ્રાણજીવન ટકશે પરણી પાસે.

સ—જાઓ સેઠજી શાણા, પુત્ર આવશે પ્રેમે પરણાવો;
ઘર મંગળ ગવરાવો, લક્ષ્મી વાવરીને લેજો લ્હાવો. (જાયછે).

પ્રવેશ ૪ થો.

સ— (નારીના કટાક્ષ પાસે. એ રાહ.)

પ્રાણપ્યારી લગ્ન આજે તેં વધાવી લીધ;
પુન્યના પ્રતાપે થયુ સકળ કામ સિદ્ધ.
જાન માંહી મંત્રી પ્રમુખ આવશે જરૂર,
પરણાવાને પુત્ર જઇશું શેહેર સારંગપુર.

સે'—પ્રાણનાથ પુત્ર લગ્ન કરી હર્ષ ભેર,
જાન જોડી લીલાવતી લાવું આપણ ઘેર;
"બાઇ" કહી પુત્ર વધુ પડશે મારા પાય,
પુજ્ય ગણી આજ્ઞા મારી પાળશે સદાય.

સ—"લીલાવતી" વિનયવતી સાંભળી વિશેષ,
હર્ષ સહિત નીતિશાસ્ત્ર વાંચતિ હમેશ;
ચાલે સદાચરણે શ્રદ્ધા ધર્મની અપાર,
અવળી થઇ આચરે ન કદી અનાચાર.

સે'—આહાહા ! ! એવી કુળમાં વધુ પરણી લાવે પુત્ર,
શોભાવશે આવીને એ આપણું ઘર સૂત્ર;
માંડવામાં બૈરાં ઘણી વાર થકી ગાય,
લા'ણી આપી સર્વને હવે કરૂં વિદાય.

પ્રવેશ ૫ મો.

ગાનારીઓ—(સુંદરવરની ચુંદડી—એ રાહ.)

લીલાવતીએ લખી મોકલ્યોરે, કાગળ પ્રીતમ પાસ;
ચાતુર આતુર ચિત થયુંરે, વરવા સદ્દગુણી સુમતિવિલાસ
વ્હાલા વ્હેલા આવજો. એ ટેક

જો—નથી થયું રે પોગળ શું પ્રકાશ, લાલા ચાલો લગનમાં એ ટેક.
મો—ભોજન પહોંચી આપણું આશ, લા–ટંકે સાત લાડુનો સમાસ લા.
ગા—શરદપુનમની પદ્મનીરે, ઝાંખી જોબનલતિ જેમ;
દિનકર કરણિકન ચંદ્રરે, દસ્યું અંતર આપથી એમ. વ્હાલા.
જો—નથી જાણતી ગુણકાથી પ્રેમ, લાલા.
મો—ભુખ્યા અગ્ની થશે ટાઢો હેમ. લાલા.
ગા—પરણીને સર્વ પ્રકારનારે, પુરણ કરશું કોડ;
રામ સીતા સરખી થશેરે, જાણે "રતી" "રતીપતી" સમજોડ;
જો—પણ મોટી ખોટી એક ખોડ. લાલા.
મો—મુકી દેને ફોગટ માથાફોડ. લાલા.
જોઈતા જગજે જસેંગી સજોડ, જઈએ ઝટ જાનમાં.
(સેંજલદે ખારેકો વેંચતાં ગાનારીઓ ગીંદગજરો ગાયછે.)

પ્રવેશ ૬ ઠો.

મો–અમે તો જાનમાં આવ્યા, રે અમે–આ સારંપુર સેહેરમાં ફરીઓ
લાલ સાહેબની જાનમાં આવ્યા રે અમે—એ ટેક.
પેઠની પાઘડી રેશમી ધોતીયું, સેઠની ઓઢીએ શાલ;
ભમકો લાડુ ભરનો ભાળો, વાંકડા મુછના વાળ. અમે.
વાર લાગી ગઈ આટલી બધી, પેઠની કરતાં વેઠ:
દખણા લેવા દોડીએ અમે, પરણી ઉઠયા શેઠ. અમે.

પ્રવેશ ૭ મો.

સુભ—(પ્રથમ ગણપતીને લાગુ પાય રે. એ રાહ)
આજ આણંદ આપણે ઘેરરે, ઉજળો અવસર આવ્યો લીલાલ્હેરરે

વાજાં વિવિધ પ્રકારના વાજેરે, જેના નાદથી અંબર ગાજેરે.
લીલાવતીને લાયક વર મળિયોરે, આજ આંગણે સુરતરૂ ફળીયોરે;
માથે મોતીનો મોડીયો ધાલીરે, જમણે હાથે રામણદીવો ઝાલીરે;
ગાતી વાતી સૈયર સાથે ચાલીરે, મોટી હુંશે હું તો વિવાહ મ્હાલીરે;
નાણું વાવરવાનું આવ્યું ટાણુંરે, જુગતે નાક જમાઇ તણું તાણુંરે;

ત્રિતાળી ચોપાઇ.

મો—ચાલો ગોત્રજને પગ લાગો,........................
સુ—........................વરના વાંસામાં પાપડ ભાગો.
મો—હવે દક્ષણા અગતે આવો,........................
જો—........................પોચા પારેખ આને પતાવો.
સખી જોયું જમાઇ મુખ ચંદ, આજ પુંખતા પરમ આનંદ;
કન્યાદાન ઉમંગથી કરીયું, આપી વાહન ધન દીલ ઠરીયું;
કોડે ચોરીમાં પીરસ્યો કંસાર, ઘણા હેતે કરી ધૃતધાર;
મો–જોડું અવિચળ રેહજો સદાય, જુગતે જાનને કરજો વિદાય.

પ્રવેશ ૮ મો.

ગીતિ,

સુગુ—લીલાવતી સાહેલી, કાલ જવાની શું તું સાસરીએ;
લી—સુગુણમંજરી સારૂં, બોલ્ય ગીત ગાઇ ગંમત કરીએ,
સુગુ—(હિંચોળે બેસી) સારૂ સારૂરે સુરત સેહેર એ રાહ.)

સૈયર સુખકર સંસાર, શિયળ ભૂષણ સજીએ;
એ વિણ નિગુણાં નરનાર, તન મનથી તજીએ; એ ટેક.
પર નર નારી દેહ દીપક પર, પડી પતંગ સમાનરે;
સુજશ શરીર શળગાવી મુકે, કંઇક નફટ નાદાન, શિયળ.

અત્તર અખંડિત અંગ અનુપમ, નહી મળે એક નાકરે.
શિયળ વિના એવા સદગુણ સૌ, જીમ સોગલ સંપાક. શિયળ.
વ્યભીચારીને સૌ સંસારી, કરે અનીક ધીકારરે;
પરપોળે પકડાતાં પડીઆ, મોટા જનને માર. શિયળ.
જાર કરમથી જેહ જગતમાં, કરે કલંકીત કુળરે,
આફતમા અંગારા ઉડયા, જારગ કરમમાં ધૂળ, શિયળ.
વેર વિરોધ વધે વ્યભિચારે, નિશ્ચે ધનનો નાશરે;
શીનસુત કેશવ શિયળવંતના, દેવ સરીખા દાસ. શિયળ.

ત્રિતાળી ચોપાઇ.

સુ—બેન બેસજે પાણી પીઆવું;........................
લાલબા—....................બાબુ હમણાં જરા જઇ આવું.
સુમ—(લીલાવતીનું ચીરનો પાલવ પકડી હિંચાળે બેસારી.)
બેશ બેશને કેમ બિહે છે, કોઈ બીજું નથી તું શું કહેછે.
લી—હમણાં આવશે મારી સાહેલી, લાલબા મુજને ગયાં મેલી.
સુ—અહીં કોઇ નથી આવનારૂં, આમ શરમાવું એ નહી સારૂ
સેંજલદે— ગીતી.
સુભગા વેવાણ આવ્યાં, લાલ બોલ્ય કયાં ગઇ બાબુ તારી,
લી—મુકો પાલવ મારો, મને જવાદો મા આવ્યાં મારી
સુ—(સ્વગત) આ મુગ્ધાની દુગ્ધા, માતપિતાએ મુજને વળગાડી
માન્યું કહ્યું ન મારૂં, અરે રાંડ આ વખત થઇ આડી.
એને બોલાવાના, વ્હાલી વેશ્યાના સોગન ખાધા,
મોટી ભૂલ કરી મેં, હવે ફરી બોલાવાની બાધા.
જો—અલ્યા આથડે છે કયાં, કરી તયારી કોસંબી જાવા;
મો—તું જા હું આવુ છુ, ભરી ડાભડામાં ભાતુ ખાવા.

પ્રવેશ ૯ મો.

સ્ત્રીઓ-(માતા લીંબ્યાને ગુપ્યા મારા ઓરડા—એ રાહ.)

પરણી નવસા કોશ બીએ પધારીઆ, વાજા વાગે જોવાને રઢલાગે.
સાહેલડી, લાડી લાખેણી લાવ્યો લાડણો.   (એ ટેક.)
ધન્ય ધન્ય સદાફળ શેઠને, જાન જોડી નાંખ્યાં છે નાણાં તોડી સા;
રથમાં વર વહુને ચમર વિંઝાયછે, દીસે ડાહ્યા, સેજલદેના જાયા સા.
જગલાડી વરવહુનીજોડ જોઇને, બેઠી ગોખે ઉંડાનિસાસા નાંખે સા.

મો-લાલસાથને સમજાવે સાનમાં, લલચાવે ને મોતીએ વધાવે.
સાહેલડા!! શેઠની ફજેતીના ફાળકા.

સ્ત્રી-મોટુ ગાહાજનસાજનમાં ગળ્યું, આવી રાજકચેરીનૃપપ્રેરી, સ

અંક દ્વીતીય સમાપ્ત.

अंक ३ जो.

પ્રવેશ ૧ લો.

સુમતિ—   ગજલ. (હગતો આશક હે—એ રાહ.)

મારા બાપે વેંગ આ વળગાડયું શો વિચાર કરી,
ઉંધી ગઇ રાંડ હવે કરવું શું અહીં વાર કરી;
મારી જીવ જાનનો મુજ વગર જરૂર જાન જશે,
હું તો મારે આ ચાલ્યો આ રડતી છો પોકાર કરી.

લીલા—   સ્વામીનાથ સ્વામીનાથ એ-રાહ.

પ્રાણપતી પ્રાણપતી પ્રાણપતિ રે, અહીં નથી અહીં નથી અહીં નથીરે.

(અચાનક આતો કોપ કર્યાં કીરતાર —એ રાહ.]

અરે અહીં એકલી મુકીને મને આમ, અચાનક ઉઠી કંથ ક્યાં ગયા તમે.
પે'લા સમાગમે સ્વામી આ તે શું કર્યું, સાંભળેલું મેં જે હતું તે સાચું કર્યું
પ્રચાત પીયુજી ઉંઘતી જાણી ખસ્યા. આશરે જાણું છું વેશ્યા આવાસે વસ્યા
આમ્રની ઈચ્છાએ આવીત્યાં તો આકડા, પણ્યાંગનાકેરા પાસમાં પતી પડયા
વ્યભિચારી વર તણા પાલવે પડી, જશે જનમારો મારો રે રડી રડી,
આ હીરા મોતીના હાર હવે ન ગમે, ઉમદા દુકુલ મારી દેહને દમે

ગજલ.

મારા પતી પરવશ હવે શું કરૂં, જીવ તજું તો તો આત્મઘાતક ઠરૂં.
કંથનો વિયોગ થયો કરમે કરી, ફુલની ચાદર નથી ફાવતી જરી.
આવી તી અમ્રતપિવા પતીની કને, ખારૂં નીર મળ્યું નહીં અંજળી મને.
કરમની કથા બીજે શું કરૂં કથી, આ પીડા મટાડવાનો ઉપાય નથી
સંકટ સહન કરે સુકુળ વહુ, જ્ઞાનીએ દીઠેલું હશે એ બન્યું બહુ
પિઆણું તેડાવી ઝટ પિયર જવું, સુઈ રહુ હવે જરા શાસારૂ લહુ

રાગ કલ્યાણ (શ્રી જગત્ પતી એ રાહ.)

પ્રિય પતિ તમે, ઝટ આવો આ સમે,
આપ વિના વિરહવન્હિ શી રીતે શમે. એ ટેક.
વેશ્યા વ્હાલી હતી પતિ તો, ન'તી પરણેલી નાર;
નિદ્રા મુજને નામ ન આવે, આપ વગર આ ઠાર. પ્રિય.
આભૂષણ અંબર ભિંજાયાં, કરતાં અશ્રુપાત;
રોતાં રોતાં નથી ખુટતી, અરે રાક્ષસી રાત, પ્રિય.
મને ભાસકી સરખું ભાસે, શયન ભુવન ભરથાર;
ઝાંઝર જાણે જડી બેડીઓ, અકળાવે આવાર. પ્રિય.
કનક વલય કરકડી બરાબર, વર વિણ કેદી વેશ;

આંખે લાગે આંજેલી આ, ગરચાં સરખી મેશ. પ્રિય.
નંગ જડેલી નવીન કંચુકી, બંધન સરખી બાંય;
બહુ દુઃખ દેછે કામ દરાગો, હવે કરૂં શું હાય. પ્રિય.
અલંકાર ધખતા અંગારા, મણિધર ફુલની માળ;
મંદ પવનની લ્હેરો લાગે, જાણે અગ્નિ ઝાળ. પ્રિય.
કસ્તુરી કંકુને કેસર, રસીયા તુજ વિણ રાખ;
પતિ વિણુ કોણુ કરે પરિપુરણુ, અંતરના અભિલાખ. પ્રિય.

લલિત છંદ.

કપટ હે પતિ કેમ આ કર્યું, ધિરજ હું હવે શી રીતે ધરૂં;
નવ ધરી દયા લેશ નાથજી, તરત આવતાં શું તમે તજી.
હરખ મુજને રે ઘણો હતો, જરૂર આજથી તે રહ્યો જતો;
જરીક વાંકમાં હું નથી હજી, તરત આવતાં શું તમે તજી.

પ્રવેશ ૨ જો.

કામસેના—કાફી જીલ્લો ઠુમરી (પીયા કારનસેં—એ રાહ.)

સખી કેમન આવ્યા નાથ હજી, હું તો જોગણુ થઉં શણગાર તજી સખી—
દુસ્મન મદન સતાવે નિશદીન, વાર કરે નહી વાલમજી. સખી—
ઝંપાપાત કરૂં ઝરૂખેથી, વધુ વશ થઇ મુજને વરજી. સખી—

કપટકળા— (આલીશ્વન લોચદ્રગ—એ રાહ.)

આમ શું કરે છે આલી રજતો ધીરજ ધર, આમશું—(એટેક)
ધરધર વર ચીવર, કર નજર નિરખ વર હરખભર;
મિલાવ્ય કર કર, આગશું કરેછે આલી રજતો ધીરજધર.
સ્મર જ્વર હર સુખકર ધનવંતર, ભરજોબન બેઠી સુંદર વર,
અધર સુધારસ પાઇ પરસ્પર. કામ ક્રિડા સખી કર કર, આ.

કામશેના—(હોરી. સામરો હજુએ ન આયો. એ રાહ.)

ભલે આવ્યા હવે ભરાણી. (એ ટેક.)
આવધિ ઉપર ગઇ એક ઘડી પણુ, મેં જુગ ગાફક જાણી,

સત્યવાદી તમે શેઠજી સાહેબ, હું ગણિકા ગભરાણી,
ધીરજ નહીં અલ્પ ધરાણી, ભલે આવ્યા હર્ષ ભરાણી.
માલતી ફુલની માળ પહેરાવું, જે મમ હાથ ગુંથાણી;
ગજરા ગુલાબ તણા કર ઘાલું, હ્યોને સુગંધી સેલાણી,
અત્તર ઉંચું આપું છું આણી, ભલે આવ્યા હર્ષ ભરાણી.
સુંદર શયન ભુવન શણગાર્યું, લાલ હું તો લલચાણી,
પ્યારા પ્રેમરસ પાઓને પીઓ, મન ગમતું સુખ માણી,
યોવન મદ અશ્વ પલાણી, ભલે આવ્યા હર્ષ ભરાણી.

સુમતીવિલાસ—(પ્રેમની પીડાને કાને કહીએરે—એ રાહ.)

મોહી રહ્યો છું મંદ હાસ્યમાં, રસીલા તારા મોહી રહ્યો છું—(એ ટેક.)
પિતાજીના આગ્રહથી પરણવા ગયો પણ, અલ્પ નહિ એ સમે ઉલ્લાસમાં
શત્રુના સમાન લાગ્યાં સર્વ સગાંવહાલાં, અહરનિશ તુજ વિના ઉદાસમાં
એકરાત્રી રહ્યો નહિ પરણી ઘરણી પાસે, એકલી મુકી આવ્યો આવાસમાં
આપણે બે ભોગ ભોગવીએ ભોગ એના, મૈયર જવાની એક માસમાં;
તુંજ થકી અધીક કોઇ વિશ્વ નથી વ્હાલુ, પ્રતિજ્ઞા કરું છું પ્રકાશમાં.
કામની તમે કર્યું કાંક મને કામણ, પકડી જકડી પાડયો પ્રેમ પાસમાં
વાણુજને વેપાર વ્હાલી ધર્મકર્મશર્મ તજી, ગાળવી છે વય બધી વિલાસમાં.
રસિલી તારા મોહી રહ્યો છું મંદહાસ્યમાં.

પ્રવેશ ૩ જો.

સુગુણમંજરી કાફી જીલ્લા પંજાબી (વિધાતા ધન્યછે) (એરાહ)

લીલાવતી કેમ તું, આવી સાસરિએથી ઉદાસ. (એ ટેક.)
શાંત સ્વભાવના સસરાને સાસુ, વળી વર સુંદર સુમતિવિલાસ લી૦
મુજ આગળ અંતર મૂકીને, મારી પ્યારી તારી પીડા તું પ્રકાશ. લી૦

લીલાવતી— **(બનઝારાની દેશી)**

તું સાંભળ સૈયર મારી, મુજ વર વેશ્યાનો યારી.
સાસરિએ ગઈ સૌ સાથે, મને નથી બોલાવી નાથે.

છે સત્ય શિયલ સંહારી, મુજ વર વેશ્યાનો યારી.
સુ—આ શું! બોલી તું બાળા, અમથા કરીઆ અહીં ચાળા;
હેં!!! તુજ વર શું? વ્યભિચારી, તને ખમા ખમા સખી મારી.
લી—સંસારીક સુખની આશે, ગઈ શયન સમય પતિ પાસે;
હું નિરાશ ત્યાં થઈ નારી, મુજ વર વેશ્યાનો યારી.
જાણી મન મોહન મારા, મેં કહ્યું કેમ છે પ્યારા;
ગર્વિષ્ટ નહિ ગણુમારી, મુજ વર વેશ્યાનો યારી.
ભા તું બોલી નહી કાંઈ, મુઈ રહી પછી શરમાઈ;
વળી મળી આંખ ત્યાં મારી, મુજ વર વેશ્યાનો યારી.
લંપટ ગણિકાના લાલા, અરધીએ ઉઠી ચાલ્યા:
કેની નથી વાત વચારી મુજ વર વેશ્યાનો યારી.
શું શું દુઃખ ભાખું સજની, રોતાં રોતાં ગઈ રજની;
ભયભીત અવસ્થા ભારી, મુજ વર વેશ્યાનો યારી,
સું—રે' છેલ છબીલી છાની, દુરગુણી મળ્યા દીલજાની;
રે! આવી અવસ્થા તારી, તને ખમા ખમા સખી મારી.
લી—દશ દિવસ રહી સાસરીએ, મોહન નાવ્યા મંદીરીએ;
પિયુ દરશન વીણ દુઃખકારી, મુજ વર વેશ્યાનો યારી.
યૌવન વન ખીલ્યું મારૂં, વિરહાનળથી બળનારૂં;
વિણ મળે પ્રેમ રસધારી, મુજ વર વેશ્યાનો યારી.
આ વાત પિતાજી જાણે, તો અંતરમાં દુઃખ આણે;
મમ માતા રહે બિચારી; મુજ વર વેશ્યાનો યારી.
સુ—માઢ–(અમલાંમાં રેન ગુજારી રાજા–એ રાગ)
અરે આવડી શું અકળાયરે, બેની સૈ સારૂં થશે.
મા'રા સમજે મન મુંઝાયરે, બેની સૈ સારૂં થશે. (એ ટેક)
વળશે શું વલોપાત કરેથી, જપને શ્રી જીનરાજ;
વિપત્તિ વખત ધરીએ ધીરજ, કરીએ ધરમ કાજરે.   બેની.

રડી રડી થઈ આંખડી રાતી, કાયા ગઇ કરમાઈ;
મ્લાન દેખીને મુખડું તારૂં, મને થાયે કાંઈ કાંઇ રે. બેની.
પળમાં દુઃખી પળમાં સુખી, પળમાં રાંકનો રાવ;
રંગ એવા જોઇ રાખીએ સખી, સુખે દુઃખે સમ ભાવરે. બેની.
શ્રી જીનવરમ સેવતાં શાણી, સુખ મળે સંસાર;
શાસન દેવતા કરશે તારા, સંકટનો સંહારરે. બેની.

લીલાવતી-- (સિતાજીના મહીનાની રાહ.)

સખી પરભવ પાપ અમાપ, કરી હું તો અવતરી;
મને વિશ્વ વધુના પ્રતાપ, પતિએ પરહરી. (એ ટેક.)
હશે ભરડયાં સજીવન ધાન, અણુગળ પાણી વાવર્યાં;
કર્યું મુનિવરનું અપમાન, ધરગાહનાં ધન હર્યાં. સખી.
દીધી વિધા ગુરૂજીને ગાળ, લેઇ વ્રત ભાગીયાં:
તોડી નાંખી તળાવની પાળ, જેનાં પાપ જાગીયાં. સખી.
કાંતો પુન્યની ફોડેલ પર્વકે, જાન લુટી હશે;
નિજ ધર્મ તજ્યો ધરી ગર્વ, સખી મારૂં શું થશે. સખી.
થઇ પાપી તણી પક્ષકાર ઉત્તમ અપમાનીઆ;
મુકી અળગો શ્રાવકનો આચાર, મિથ્યાત્વિને માનિઆ. સખી.
કુડી સાખ ભરી સરકાર, ખોટાં ખત મેં લખ્યાં;
હારી દીન જનને દરબાર, દ્વેષે કરીઆ દુઃખી. સખી.
આવાં પાતિક મેંતો અપાર, કર્યાં હશે પૂરવે;
વેશ્યા સંગી મળ્યો ભરથાર, અરે મને આ ભવે. સખી.

સુગુણ—આવો કાકી લીલાવતી બેન, ઉદાસીમાં આજ છે;
પુછો એને નથી ચિત્તચેન, કે' એમાંશી લાજ છે.

સુભ—કાફીજીલ્લો કવાલી ઠેકો. (પીયાકે ચીત્રાબીન—એ રાહ)

તું દીલગીર દીસે શા કારણુ, બોલ લીલાવતી બાઈરે, (ટેક)
બોલતાં બંધ થઇ શીદ બેની, લાડકડી લજવાઈ રે,

વદન કમળ તારૂં કરમાયું, કષ્ટ પડયું શું કાંઈ રે. તું—
નાની નણદે શું અપમાની, આણીને અદેખાઇરે;
તુજ સાસુએ શું દુખ દીધું, કે જુલમી છે જમાઇરે. તું—
દશ દિવસમાં પીયર પાછી, આવી કયમ અકળાઇરે;
મારા સમ જો જુઠું બોલે, શાણી મન સરમાઇરે. તું—

લી—(ખમાચી પંજાબી ઠેકો. દરશન બીન અખીયાં—એ રાહ)
ગાજી મુજવાલમ વ્યભિચારી, વ્યભિચારી ગણિકાચારી ગા—એટેક)
અહીંથી જઈ વેસ્યા ઘર વસિયા, દશ દિન કાઢયા દુખકારી; મા—
વાત નથી કરી મેં વર સાથે, શું ઉચરૂં આગળ તારી. મા—

સુભ—(જોગીઓ આશાવરી ગજલ. પડગોછું વિખુટા—એ રાહ)
ઉંડા નિસાસા નાખતી, રે! દીકરી દુઃખી; (એ ટેક)
સુગુ—દુઃખ પોતાનું દાખતી, નથી સાસરે સુખી. ઉંડા—
એનો કથ કુલક્ષણો, કરવો શો ઉપાય;
લી—ભોગવવી પડશે પીડા આ ભાગ્યમાં લખી. ઉંડા—
પીયર રહીને પુત્રી તું, રટજે સદા જીનરાય;
પ્રેમ રાખશું પુત્ર સમ, સમજાવ તું સખી. ઉંડા—

સુગુ— (મરાઠી ચાલની સાખી.)
શ્રી જીન દરશન કરવા જઇએ, કાકી ફીકર ન કાંઇ,
લીલા—રૂઠાને આદેશ્વર મંદીર, આંગી છે સુખદાઇ.
સુભ—બેસો બેનો, ગજ્જન કરી આવું છું.

લીલાવતી—સોયણી ગજલ. (દાહ ઉઠીછે દુઃખની—એ રાહ.)
સુણ સાહેલી કરવું શું હવે, શાથી જન્મારો જશે;
સુગ—તારા શીયળ પ્રભાવથી બેની, સ્વામી તુજ સારો થશે. (ટેક)
વ્હાલે વાંક વિના વિસારી, નળની જે દવદંતી નારી;
પાછી તે પતિએ સ્વીકારી, તેમ એ તારો થશે. તારા—

પ્રવેશ ૪ થો.

સદાફુળ— ગજલ.

લાજ છોડી છેક તેં છટેલ છોકરા, બાપની તેં આબરૂના કાંકરા કર્યા, લા—
આવી છે દીવાળી હોળી હૈયામાં બળે, જઉં છું વહુને તેડવા પણ
દાંડો શો વળે. લાજ—
સો'—સાસરામાં જાણે છે જમાઈ ને સહુ, માટે નહી મોકલે વે-
વાઇ તો વહુ. લાજ—
સ—કરવાને વિવેક લોક લાજથી જવું.......................
જો.......................ગાડી જોડી લાવ્યો ખાટી ક્યાં સુધી થવું

પ્રવેશ ૫ મો.

સોમદત્ત— (રાગ જોગીઓ આશાવરી).

જમાઇના તેં ગુણ કે અવગુણ જોયા નહી જરી,
સુભ—ઉંચું કુળ હું જોઇ મોહી સુરખમાં ઠરી,
સુગુ—વેવાઇ આવ્યા તેડવાને દૂનીયાંથી ડરી,
સોમ—સુધરશે જમાઇ ત્યારે મોકલશું ફરી.

સુગુ— **ત્રિતાળી ચોપાઈ.**

કોણ છો તમે ક્યાં થકી આવ્યા, પત્ર પાઠવી કોણે તેડાવ્યા;
રો'છો શેઠ તમે કીએ ગામ, કીએ કામ આવ્યા અમ ધામ.
સ—નગરી કૌશામ્બીએ ઘર મારૂં, મારૂં નામ સદાફુળ સારૂં;
પુછોછો તમે વગર પિછાણે, હું તો આવ્યો લીલાવતી આણે.
સુગ—કીહાં ગાજ્યો કીહાં ગડગડીયો, કીહાં મેઘતણી પડી ઝડીઓ.
કીહાં ઉદય અને કીહાં અસ્ત, એમ સમજીને મનમાં સમસ્ત.
અમે ડહાપણ આપનું જાણ્યું, આવ્યા કરવા અહીં કેનું આણું.
જેમ આવ્યા તમે જાઓ તેમ, ઘેર પુછજો કુશળ ખેમ.
—નથી વાટમાં બેઠી રે કાંઈ, મારી લાડકી લાડકવાઈ;

સુભ——મારા મનમાં તો સળગે છે લાળા;..................
સુગ——......................કાગ કંઠે નાંખી મોતીમાળા.
સદા——શું આ નક્કી વિચાર તમારો?......................
સુગ——......................હાજી ઘર ભણી આપ પધારો.
સદા——સોમદત્ત વેવાઈ હુશેરહેજો,..........................
સુભ——......................સારૂં સૌને કુશળતા કહેજો.
મારી અક્કલ સૌ ગઈ મારી, વ્હાલી પુત્રી વરી વ્યભિચારી.
મેં તો મોટા મોટા દેખી માળ, અવિચારે કર્યું વેવિશાળ;
સો——પહેલાં કાંઈ કર્યો ન તપાસ, હવે થાય શું નાખે નિસાસ.
પાણી પીને પછી ઘર પુછે, એમાંની અબળા એક તું છે;
ભાવી ભાવ હશે એવું થાશે, પુરીનાં પુન્ય પુત્રીની પાસે.

પ્રવેશ ૬ ઠો.

સ—(**જંગલોજંજોટી. પંજાપી ઠેકો.** કંગનવા મોરા—એ રાહ;)
ગભરામણ મને ઘડપણમાં આવે છે ઘણી રે,—(એ ટેક)
લંપટ પુત્ર પાકયોરે, હું તો એનાથી થાકયો રે;
મોહું છે ઘર મારૂં, સાસરીયું એનું સારૂં,
ઘણી સમજણી વહુ છે તનય તણી રે. ગભરા—
ગયો લોક લાજેરે, આણું કરવા કાજેરે,
સુજને બહુ બનાવી, વહુને નહી વળાવી;
શરમાયો વહુની સખીનાં વચન સુણીરે. ગભરા—
વરશને મહીનારે, વિત્યા ઘણા કહીનારે;
હવે ફરી હું જઇને, કાંઈક દિલાસો દઇને,
લીલાવતીને લઇને આવું ઘર ભણીરે. ગભરા——

પ્રવેશ ૭ મો.

સુભ— (દશા આ શી થઇ મારી. એ રાહ)
દુઃખી તું દીકરી મારી, શુળી સમ સાસરી તારી,
લીલા—પીયરમાં સુખપાલ પણ, કામ ન આવે કાંઇ;

સુણી સાસરીયા તણી, સહન કરી સુખદાઇ.
સુગુ—ગુરૂ શીક્ષા સુણી સારી, બધી દીલમાં લીધી ધારી.
લીલા—અછતાં આવે આળ અહીં, કરો વૃદ્ધ વિચાર,
સસરા પુજ્ય પિતાસમા, આવ્યા બીજી વાર.
સોમ—અરે વર છે વ્યભીચારી, એથી દુઃખ ઉપજે ભારી.

સદાફળ— ગીતિ લાવણી.

સગજી લીલાવતીને, હવે શેઠ મોકલશો તો સારૂં;
સોમ—આ ઉભી પુછોને, વારે વારે શું કહો છો વારૂ.
સદા—(ભેખરે ઉતારો રાજા ભરથરી (એ રાહ)
સુકુળ વધુ તમે સાંભળો, દુઃખીયા સસરાની વાતજી;
જો મન ચા'ય તો માનજો, ભાખું છું ભલીભાતજી.
ઉંડું રે -હૃદયમાં આલોચજો (એ ટેક)
ભણતાંરે ભણતાં ભણાય છે, લખતાં ગ્રંથ લખાયજી;
મ્હેલ ઝરૂખાને માળીયાં, ચણતાં ચણતાં ચણાયજી. ઉંડું—
ડગલે ડગલે ડુંગરો, ચઢતાં ચઢતાં ચઢાયજી;
સાગરસમ સરોવર વળી, ટીપે ટીપે ભરાયજી. ઉંડું—
ઉદ્યમ કરતાં આળસ તજી, દુઃખ દારિદ્ર જાયજી;
એમ ઉપાય આરંભતાં, સરવે કાર્ય સધાયજી. ઉંડું—
એથી આવી ઘેર આપણે, કરશો કાંક ઉપાયજી;
ધરમ પસાય થકી થશે, શાસન દેવતા સ્હાયજી. ઉંડું—

લીલા—આવીરે શિખામણ આપની, મારે માથે ચઢાવુંજી;
માત પિતાની આગ્ના લઇ, આપણે ઘેર આવુંજી,
સાચુરે કહ્યુ સસરાજી એ. (એ ટેક.)
આગ્નારે આપો માત તાતજી, હવે સાસરે જાવુંજી;
મારીરે શત્રુ ગણિકા થકી, વડું વેર વસાવુંજી. સાચુ—
સો—શાણીરે પુત્રી તું સુલક્ષણી, ભલે સાસરે જાઓજી;
મારી આશિશ છે એટલી, મન વંછિત થાઓજી.
ધરજે ધિરજ સદા દીકરી. (એ ટેક.)

સુભ—સાસરે બેન સિધાવતાં, લાગે દીલડામાં દુ:ખજી;
સરવે પ્રભુનો પ્રતાપ છે, નથી સ્વામીનું સુખજી. ધરજે.
વસ્ત્ર આભુષણ વિધવિધે, કર્યાં સર્વ તૈયારજી;
વળી જોઈએ તે તું માગજે, તજી શરમ આચારજી. ધરજે.
સસરા સાસુ નાની નણંદનું, કરજે વચન પ્રમાણજી;
સો-કહેવું પડે એવું કાંઇ નથી, તુંછે ચતુરસુજાણજી ધરજે.
સુગ—વડીલ વિનય કરજે વળી, તજી વાદ વિવાદજી;
કરતાં ધરમ કરણી સદા, અમને આણજે યાદજી,
ધાર્યું થશે શીયળ ધર્મથી (એ ટેક
કાંઇ કારજ કરતાં થકાં, પ્હેલો કરજે વિચારજી,
સંકટ સમય સંભારજે, મંત્ર શ્રી નવકારજી. ધાર્યું.
વાંચ્ય શાણી સખી સાસરે, શાણા સસરાજી સાથજી;
સારા શુકન થાય આ સમે, નિશ્ચે વશ થશે નાથજી, વાંચ્ય.

પ્રવેશ ૮ મો.

લીલાવતી—(સ્વગત) **લાવણી. શ્રી અજીતનાથ** (એ રાહ.)
રે કર્યો વેસ્યાએ કેર, ઉપજે ઝેર, વાળવું વેર, હવે શા બાને;
હું કાળી નાગણ થઈ ડસું ગણિકાને.
હું કદી ખડકીએ ખડી, ઝરૂખે ચડી, જોઉ વાટડી, ઘડી ઘર નાવે
શું સ્મર શત્રુ સમ થઇ મને અકળાવે,
આ જોબન રસ ઝલકાય, વસુ વનમાંય, લાલવિણ લાય, ઊઠેછે અંગે,
શી યુક્તિ કરતાં મળુ સલુણા સંગે.
પ્રીતમ પ્રમદા પોકાર, જોબન શણગાર, હૈયાના હાર, ધરોને કાને,
હું કાળી નાગણ થઈ ડસું ગણિકાને,
શું કરૂ સૂઝે નહિ કાંઈ, ઘણી ગભરાઈ, મરૂં વિષ ખાઇ, પિયુજી પાખે.
નિધણીઆતિના ઊપર નજર સૌ નાખે.
સ્વામી વશ કરવા સાર, કર્યો વિચાર, દુઝણાં ચાર, આંગણે બાંધુ

લેઇ મેથારીનો વેશ સ્વાર્થ ગમ સાધું.
મંગાવુ ગહીપી ચાર, જોઈ થીકાર, અરે આવાર, કહી સસરાને,
હું કાળી નાગણ્ થઇ ડસુ ગણિકાને.

કલ્યાણની કુમરી પંજાબી ઠેકો મેંવારી બન–એ રાહ.

સસરાજી સાસુજી સુણોનેરે. (એ ટેક).
ઝીણી ત્વચાની દીધે આંબળાની, ગહીપી મંગાવો સાર. સસ.
બરવાડી થઈ વેશ્યા ભૂવન જઈ, ભોળાનું ગમ બાંધનાર. સસ.
નાની નાશુદ મગ નાથ બતાવે, એ એમનો ઉપકાર; સસ.
મંદીર લાવું હું મન મોહન, યુક્તિ કરીને અપાર. સસ.

સદા—તમારો વહુજી ભરૂસો છે. (એ ટેક).
સારા માબાપની દીકરી ડાહી. કૂડુસં નહી કરનાર. તમા.
ગહીપીઓ આપણે ઘેર ઘણી છે, નણંદ તમારી તૈયાર. તમા.

સેજ— **ગજલ.** (હમતો આશક હે. એ રાહ.)
પેલી! ભુંડી રાંડનું ઘર લાલબા બતાવ જઈ,
બાઈને તું દુરથી દેખાડી, પાછો આવ જઈ, પેલી. (ટેક).
ડાહી વહુ વસ્તુ સૈ તૈયારને સવાર વળી;
લંપટને ભોળવીને ઝટપટ ઘેર લાવ જઈ. પેલી.

પ્રવેશ ૯ મો.

લાલબા—(માઠ મેરા ગમકા તરાના, એરાહ.)
વીરા વેશ્યાનાચારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ. (એ ટેક).
જાઓ થાઓ મહિયારી ભાભી અમારી, ઉભા અટારી. પેલા-.
વીંછીનો આકડો વેશ્યા છે વસમી, જોજો ન થાએ જાણ;
જાગશે તો ઝેર આણશે ઝાઝું, કરશે રાંડ રોકાણ;
જુઓ જળની ઝારી, હાથમાં ધારી, ઉભા અટારી. પેલા-

લીલાવતી–(સ્વગત)**આશાગોડી દીપચંદી**
અવર મદન અલબેલો, આવો દીસે અવર મદન–(એ ટેક)

શરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો. આ.
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉં ઝરૂખે ઝુકેલો. આ.
હું નિર્ભાગી નાથ તજી મને, વેશ્યા આવાસ વસેલો. આ.
ધન ગણિકા ધરણીતલ તુજને, પ્રિય કર્યો મમ પરણેલો. આ.
ચંદ ચકોરને મયુર મેઘ સમ, મુજ મન રંગ રહેલો. આ.
મહિયારી વેષે નહિ જાણે, મમ છળ છેલ છબિલો. આ.

પ્રવેશ ૧૦ મો.

લાલબા—(થાઓ તમે તૈયાર—એ રાહ)

અલબેલી સાહેલી આવો, શ્રી જીન ગુણગાવા, (એ ટેક.)
અગણીત નર નારીને તારી, ચાંદરાજ આવ્યા,
હરીહર બ્રહ્મ પુરંદર પ્રણમે, અજર અમર થાવા, અલ.
મુખ મટકે લટકે લઇ તાળી, ચક્ર સકળ કરીએ,
પ્રભુ સ્તવન ઉચરીએ ફરીએ ભવ દરીએ તરીએ. અલ.

ચાલો ચાલો સિદ્ધાચળ જઇએ.–(એ રાહ)

સેવું સેવું શ્રી જીન સુખકારી. તન મન વચન સુધારીરે. સેવું–(ટેક)
અવિનાસી શિવનગર નિવાસી, ભવ પરિભ્રમણ નિવારીરે. સે.
ત્રિજગ નાયક ક્ષાયક દાયક, સમરે સુરનર નારીરે, સે.
કરૂણા સાગર દેવ દયા કર, જય જય જગ ઉપગારીરે. સે.
શિવસુત કેશવને શિવકરની, પદકજ ભક્તિ પ્યારીરે. સે.

લીલા— (નયરી પનઘટપર—એ રાહ.)

સ્વામીને વશ કરવા સજ્યા મેં શણગાર,
છેલ છબીલાને છળું છળ બળ કળ કરી.
લલચાવું હશી પળવાર. વશ કરવા સજ્યા મેં શણગાર. સ્વામી.
મન મોહન મન નંદન વનમાં, વાવુ સુરતરૂ બીજ પ્યાર.
બા બોલાવે જાઓ લાલબા, ડર તજી હું જઉં દુષ્ટદ્વાર. ૧.

લાલબા—(દઇ મારી તુરકણાને ઘેર લઇ એ રાહ.)

લઈ માથે મટુકી મહીયારી થઇ, (એ ટેક)

રમણીક વચનામૃત રચનાથી,
કરો આશ લતા નવ પલ્લવ જઈ. લઈ--

પ્રવેશ ૧૧ મો.

લીલાવતી—કાલિંગડો દાદરો. મીઠડા ગોરસલ્યો એ રાહ.
મીઠડું મહી વેચું ગહી વેચું, અમૃત સરખુ સુખકારીરે. મી.
લ્યો કૈશામ્બી નરનારીરે. મીઠડું મહી વેચુ ગહી વેચુ.

સુમતી—(બિભાસ અદ્દાની તાળ, વંદુ દીનપતિ. એ રાહ).
આ ભરૂઆડણી અજબ અપાર અજબ અપાર.દીઠી—અ—આ.
રંભા થકી પણ અધીક રૂપાળી, કે ઉમયા અવતાર. આ.
શેષ સમા શિશ કેશ સુશોભિત, શશીવદની સુખકાર. આ.
શુક સમ નાકે નથની થરકે, અરૂણુ અધર નિરધાર. આ.
ચંપક વરણી એ મૃગનયની, મારી કટાક્ષ કટાર. આ.
કેસરી સરખો લંક કટીનો, ભારી નીતમ્બની નાર. આ.
અંગ અનોપમ કોમળ ઓઢી, કોકિલ કંઠ શીકાર. આ.
એને અહી ગહી મસ બોલાવી, પૂરણ બાંધું પ્યાર. આ.

લી—અમૃત સરખુ સુખકારીરે,મીઠડુ મહી વેચુ મહી વેચુ.આં.
લ્યો કૈશામ્બી નરનારીરે, મીઠડું મહી વેચુ ગહી વેચુ.

સુ—મારે મહી લેવું ગહી લેવું, લીલાવતીની મટકી પકડી.)
આપો મટકી ઉતારીરે, મા-મહીયારી મોહન ગારીરે. મા.
આહેરણી અહીંઆં આવોરે, મા. મટકીનું મુલ બતાવોરે. મા.

લી—(પીલુ બરૂઓ લાવણી. ગીરધારીરે વાત કહુ તે (એ રાહ
મેહેતાજીરે શું મહી મૂલ બતાવું, ચાખો પછી ભાવ જણાવું;
મળશે નહીરે દહીં દુનીઆમાં આવું, સમજુને શું સમજાવું.
(ઝુલ) જુગતીથી રોજ જમાવું, લાલન લ્યો શું લલચાવું.
ખાધા કેડે ખુશ થાવું, તક જાશેરે તો પડશે પસ્તાવું. ચાખો
સુ—મહી મીઠુંરે મેં ચાખ્યું મહિયારી, તું ગામડીએ વસનારી.
ભ્રકુટીમાંરે ભુરકી ભાસે ભારી, કહો નામ તમારૂં નારી,

(ઝુલ) વળી કોણ તમારો વિહારી, સ્મિત હાસ્યથી મન હરનારી.
કે' તુજ કુળ કામણ ગારી, સાવિત્રીરે તુલ્યન આવે તારી. તુ;
લી—રંગીલારે મારી જાત રબારી, છું રાજપુરે રે'નારી;
હનુઓછેરે મુજ સ્વામી સુખકારી, મમ નામ સલુણી સારી.
(ઝુલ) તમો વણિક વડા વેપારી, પુછી કુળ જાત અમારી·
શું વાત વિવાહની વિચારી, મન મોહનરે હું નવપરણીત નારી, છું–
સુ—અલબેલીરે મારે અનંગ ઉછાળા, સુણી મધુર વચન મરમાળાં.
લી—નવ સમજુ રે, હું ભોળી નવ તેર, મહીંથી દુઝે મમ ઘેર.
(ઝુલ) મોંઘુ છે ગોરસ મારૂં, વડા વાતે બને નહી વારૂ:
નથી લીધું કાંઇ તમારૂં, હું જઉં છુંરે અતી "રતિપતિ" થી
રૂપાળા સુ—

સુ—શા સારૂરે વાત જવાની બોલે, મમ જીવ ચડગો ચકડોળે;
લી—અણ ઘટતારે વાટ તમે ઘડશોમાં, આધારો'ને અડશોમાં.
સુ—**(ઝુલ)** હું આવ્યો છું અલબેલી, તજ તું ગભરામણ ઘેલી.
મહી મૂલ કહો મન મેલી, શું? હળવેરે ઘુંઘટનો પટ ખોલે. મ–
લી—રંગ રસીયારે, દુરજનથી મન ડરીએ કહી ભાવ ખરો શું કરીએ.
સુ—ગજ ગમનીરે મુજથી નજર મિલાવે, નખરેથી નયન નચાવે.
(ઝુલ) કુંકુમનો ચંદ્ર કપાળે, તલ ગૌર ગુલાબી ગાલે;
ચિતડું ચમકાવે ચાળે, વશ કરવારે તસ વચને અનુસરીએ.
શું દુરજનથી મન ડરીએ.
લી—વ્હાલાજીરે શી મન વાત વિચારો, મુજને વઢશે ધણી મારો
મારગડોરે મુકોને મન ગમતા, સુંદર રાખુ છું સમતા.
(ઝુલ) ઠીકછો અલબેલા ઠગનારા, કરો આંખ તણા અણુસારા;
મેં જાણ્યા વિચાર તમારા, ધારોછો તે સ્વાર્થ નથી સરનારો. મુ–
સુમતી—(બરૂઆનો કેરબો સાડેતીન પેસે એક મોતી—એ રાહ)
કામણગારી નારી કે'ને મને વાત તારીરે વાત તારીરે નારીવા—કા
છેલ છબીલી છબી ફાંકડી: આ દીસે અદ્ભૂત;
ગુણ હીણો ગાબડીઓ બુઢો, એતો ભમતો ભૂત. કા.

ચતુર વિચિક્ષણ તું ચતુરાને, ધણી મુરખ સરદાર;
ચંપક વરણી કયમ ચાલે છે, ગમારશી ઘરબાર. કા.

લી—ડાહ્યા ડમરા તમને પરની લાગે વાત પ્યારીરે લાગે વા—ડા(ટેક)
પગ હેઠળ દાવાનળ સળગે, એ અવલોકો આપ;
આમને પછી શિખામણ આપો, મોહન રાખી માપ. ડા—
બડીમ છે ભુંડાઇના જેવી, આ ગણિકા ગુણ હીણ;
કેમ પ્રેમ બાંધ્યો પાતળીયા, પૂરણ થઈ પ્રવીણ. ડા—

સુ—દુબળી નારી ડાકયણ જેવી દેખી દીલમાં ડરીએરે—દી—દેખીદી—દુ
જાડી લાડી ફુલની વાડી, ધાડી ગન ગંભીર;
ગુણવંતી ગણિકા છે ગોરી.....................

લી—......................હરે પુરૂષનું હીર.
બલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખોરે, લા—મુખડું લા—બ
કરે પ્રશંસા પંડિત પુરૂષે નિરખી નાજુક નાર,
શ્યામ સલુણા સરવે સમજો, પણ અમથો અહંકાર. બલે.
અલબેલા ઉત્તમ કુળ ઉપજ્યા, આ કુલટા કમજાત;
કાગણગારા કેમ બને છે, વદો બરાબર વાત. બલે

સુ—કાફી ત્રીતાલ. (પ્રણામું પદ પરમેશ એ રાહ)
મહીનું મૂલ બતાવ, પ્રમદા પ્રેમ ધરીરે. મહી—(એ ટેક.)
આડી અવળી વાત જવાદે, શો છે તુજ મન ભાવ.
શી રીતે બોલ્યા વિણ બનશે, અહીં નહી કંઈ અટકાવ.
ચાખું ફેર જરીરે,—મહીનું મૂલ બતાવ. પ્રમદા.

લી—મહીનું કરતાં મૂલ, શેઠ ખોટા દેખાશો—મહી—(એટેક)
રે અલબેલા આંખ ન મારો, હું અબળા અનુકૂળ;
મોહન મહીની વાત મોટી શી, કહોતે કરીએ કબુલ;
સુંદર નહી સરમાશો, મહીનુ કરતાં મૂલ. શેઠ.
એક મ્હોર મટકીની આપો, આ મહી અમૃત તૂલ્ય;
એમ નહીતો અમ ઘેર આવો, દહીં શાટે થઇ ડુલ,
નિત મહી માંખણ ખાશો, મહીનું કરતાં મૂલ. શેઠ.

સુમતિવિલાસ—ભેરવી (દીપચંદી)
અપ્રીત આમ તમે શું ચડાવો, મૂલ બરાબર અમને બતાવો:
લી—આળ કરો નહી વેસ્યા વ્હેમાશે, મુકોને હાથ મારો મરડાસે.
હું તો અહી નહી આવું હવેથી, ફોકટે રાવશો ફોક ફજેતી;
સુ—નાહક શાહુક નવ ભડકાવો, સત્ય વિચાર સલુણી જણાવો.
લી—કૃપણતા શઠ તમારે તો કરવી. વ્હાલી વેસ્યા તણી હાજરી ભરવી;
દામ વિના દહાડો ક્યાં થકી વળશે, માલ વેસ્યા મુખડી સમ ગળશે;
તમ સમપિયુને પ્રિયા મગસરખી, તે જમશે મારૂ મહીમન હરખી.
સુ—મો'ર આપી લેઉં માલ તમારો, નિત્ય એ વખતનો બાંધીયે વારો.
લી—શ્રી પ્રિય પરવશ શું ઉચરો છો. ખાલી પીલી મને ખોટી કરો છો.
મનુષ્ય વેવારમાં રેહેવું છે મારે, હતુવો જાણું તો મને ધોકશે મારે
વાછડાં વાટ જોતાં હશે મારી,...........................
સુ—......................કંઈ મનમાં નથી આવતું નારી.

લી—રીશન કરશો જરા પણ રસીયા, વલ્લભ-હૃદય કમળ મમવસિયા.
આપનો બોલ કદી ન ઉથાપું એમને એમ હું આપને આપું;
વ્હાલા નથી મલી તમથી વધારે, ભાવ ધરો કરૂં ભેટ અત્યારે.
કાસ— (સુણો દીલજાની તખ્ત એ રાહ)
હડય ઉડય અલી જાને તારે ઘેર, ધુતારી ધુતવાને આવીરે;
તારા પ્રપંચની જાણી મેં તો પેર, ધુતારી ધુતવાને આવીરે. (એ ટેક)
તારો તાલ મેં છાનો જોયો છિનાળ, ધુ—જલદી જાને ન—
હી તો બનીશ એ હાલ. ધુ—
વદી મીઠાં મીઠાં કપટ વચન. ધુ. કરે મલિન મેં'તાજી તણું મન. ધુ.
ખોટી બુદ્ધિએ આળસ આહીં ખાય. ધુ. આતો માંથી તારા ઠગણીશું થાય
તને દેખી દાઝ આવે દગાખોર, ધુ. એક મટકાની માગે છે તું મોર. ધુ
તારૂં પોગળ બધું થયું પ્રકાશ. ધુ. હવે આવીશ નહી મારે આવાસ. ધુ
લીલાવતી— (ખુબ કોપમાં આવીને જુસ્સાથી)
ઉડય કોણ રાંડ તું મને કહેનાર, નફ્ટ ફટ ફટ તને રે,
તારા દોકડા વેચી કરૂં બજાર, નફ્ટ ફટ ફટ તને. (એ ટેક.)

લેશ નથી જગ લાડી તને લાજ, ન- રાંડ પાપણી કરેછે પતરાજ.ન.
આખા મુલકનોઅલી તું ઉતાર. ન. દુષ્ટા તારાથી નથી હું ડરનાર.ન.
પૈસાવાળાને તમે બતાવો પ્યાર, ન. ખાઈ ધન તન કરો છો ખુવાર ન.
તારે ઘેર કઈક પડી રહે ગમાર, ન. છેડાવાળી રડે એની નિત નાર. ન.
અરે તને અવલોકી થાય અંધ, ન તેથી તોડે સગાં સજન સબંધ. ન.
કૈનાં વેચાવી ઘરેણાં ઘરબાર, ન કૈને દગે કરયા દુનિઆની પાર. ન.
રમે તમારાથી જે પુરૂષ જાર, ન. એનો જગતનું એઠું જમનાર. ન.
તારી ખચીત ખલક ખુંદે ખાટ, ન તારૂં તન તે તો કુતરાની ચાટ ન.
તારી સોબતે જુગારી ચોર થાય, ન કેદી થઈ દરબારમાં દોરાય. ન.
ઘણા ગણિકાના ઘરમાં જનાર, ન. કરે મધુપાન મુકી કુળાચાર. ન.
તું તો ગોટી નવાનવા કરે નિત, ન તારી ખોટીછે પીતળજેવી પ્રીત ન.
તને અડતાં મનુષ્ય અભડાય, ન. તારા સંગથી નરકે નર જાય. ન.
અરે નથી મારે તારી ઓશીઆળ,ન. કેમ ખોટું બોલે ખુટયો તારોકાળ.ન.
રાંડ આવીશ રસિક કને રોજ, ન. તારા ગમત ઉપર માણું મોજ. ન.
મારૂં ફોડી નાખજે તું હૈયા ફુટ,ન. હાલાગારાઆ માંટી છે માંથુ ફુટ.ન.
તને જોતાં ઉપજે છે મને ઝાળ, ન. ઝખ મારનારી જુઠું મુક્યું આળ.

કા—ભુંડી રાંડ નિચી જાત ભરૂવાડ, ધુતારી ધમકાવે મનેરે;
અહીંથી તારી ગહી મટકી ઉપાડ, ધુતારી ધમકાવે મનેરે.
સુ—બસ બસ રાંડ ઝાઝું નહી બોલ, આવી રહે તારૂં આવી બન્યુરે.
હાથે કરી તેં તો ખોયો તારો તોલ. આવી રહે તારૂં આવી બન્યુરે.

સુ—(**જંગલો જંજોડી પંજાબી ઠેકો.** ડોલેરે જોબન મદ એરાહ.)
માઠું લગાડો તો મારા સમ છે સલુણી રે. (એ ટેક)
નથી આ નફટમાં બે બદામની બુણીરે
વચમાં બોલાવ્યા વિના બોલી વઢકારી રે,
નીચામાં તું નીચી વસ્યા નિર્લજ નઠારી રે. મા.
કામ—આમ ઉપરાણુ લેઈ મને ધમકાવોરે.
એકના અનેક કહ્યાં એને નાં અડાવોરે. આ,
આટલાં વરશ આણા આપની ઉઢાવીરે;

મને અપમાની તમે શરમ ના આવીરે.   આ.
મૈયારીનું મુખ દેખી, પ્રીતી પલટાવીરે;
વણિક જાતિની ખરી ખુબી આ જણાવીરે.   આ.
સુમ—નક્કી માર ખાવાનું થયું છે મન તારૂંરે;
જાને છાની માની ભુંડી માની કર્યું મારૂંરે.   મા.
લી—   (એરી ચતરનાર. એ રાહ)
મહી બહુ વેચાય, અહીં નહિં અવાય, અપમાન થાય,
મ્હોરો સદાય, ક્યાંથી અપાય, નિત્ય આધીન નગીના. મહી-
સુ—આમ ચતુર નાર. કરી પૂર્ણ પ્યાર, ડર નવ લગાર,
નિત્ય આવ્ય દ્વાર. લે મુક્તહાર, વળી આપીશ દાગીના. આ.
ભેરવી—**દાદરો**. (મન કાયકી સેજરીયાં પે રાત રહો. એ રાહ.)
આજરંગમાંરસિલીપ્યારી રાતરહો,વીસ મ્હોર કાલનેપ્રભાતલહો; આ.
કટુક વચન કુલટા નહિ બોલે. આટલું સલુણી સુજાત સહો. આ-
લી-**બિહાગ ત્રિતાળ**. (નિભાવોરે બાંહ્ય ગ્રહેકી લાજ. એ રાહ.
નગીના રે, નેહ નજર કરી આજ, (એ ટેક)
જોબન ભૂષણ છો મમ જીવન, તમને કર્યા શીરતાજ. ન-
ઝેર જેવો હનુમો હવે લાગે, નવ ગમે તસ ઘરમાંજ. ન-
પણ રાત્રી રહેતાં અહીં પ્રિતમ. અજડ બગાડે કાજ. ન-
ચોરી જારી ને વળી ચાડી, છે છાનીમાં ગઝાજ. ન-
રસ લાગ્યો રંગરસ રમવાને, મ્હોર મળે રસરાજ, ન-
અહનીશ હું આધીન અલબેલા, પણ નડવાની પીડાજ. ન-
સુમ—રે ગણીકાને હું નહી ગાંઠું, મનથી કરે છો મીજાજ. ન-
લે આ વચન તન મન ધન તારૂં, નથીરે કરક્ષાનું કાજ. ન-
લી—હું પણ કોલ કરાર કરૂપતી, આવીશ નિત અહિં આંજ. ન-
હું રે ભલે ભરૂઆડણ સરજી, પુરવ પુન્ય ફળ્યાંજ. ન-

અંક તૃતીય સમાપ્ત.

अंक ४ थो.

પ્રવેશ ૧ લો.

સુ— (વંદના વંદના વંદનારે એ રાહ.)

મલપતી તલપતી રતીમતીરે, રતી આકૃતી રતી નથી વિસરતી. (ટેક)
તેં નવોઢાઆરપારહૃદયમાંઉતારી, સજળચપળચક્ષુબરછીચગકતીરે. ર.
સુખદાયક મમ લાયક લલના, જન્મીએ આહેર જાતીમાં જતીરે. ર.
વેતરે ઉંધું શું આમ નિઃષ્ઠુર તને વિધાત્રી, સલુણીહનુઆને જોગ્ય શું હતીરે. ર.
રાધિકા સમાન માન એમને બતાવે, કેવી કૃષ્ણ જેવી હું કરૂ કૃતીરે. ર.
રૂમકઝુમકકરતીહમણાંઆવશેરસીલી, મીઠડુંમહીવેચુમુખઉચરતીરે. ર.
પ્રેમ પોથી પઢી પુરી પદમણી પ્રવીણએ, ગણીકા ગમારમાં ન થાગતીરે. ર

કામ— (ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ રાહ.)

કરમ તણી કથની રે કયાં જઇને કરૂં,
દીલડામાં સળગે દાવાનળ દુઃખજો,
ભરવાડણ વેરણના ભંભેર્યા થકી;
શેઠ જુએ નહી સ્નેહે મમ સન્મુખ જો. કરમ—
મોજ મઝા માણે છે મારા દેખતાં,
લાજ ન આવે નિર્લજ્જને લવલેશ જો;
અહનીશ એ બે જણ રે'છે આણંદમાં,
ક્લેશ વિશેષ મને ઉપજે હમ્મેશ જો. કરમ—
છેદે છે ગહિયારી મારો છાંયડો,
કર્યો કંથ વશ કરૂં હવે હું કેમ જો;
બહુ બોલું તો સાડાબાર વરષ તણો,
તુટી જાય તરત પ્રીતમથી પ્રેમ જો. કરમ—
ખાલી થયો ખજાનો ધન ધુતી ગઈ,

એ ગટકીની લે છે નિત બે મોહોર જો;
છાનુ ઘણુંએ આપ્યું મુજને છેતરી,
જાણું પણ જરીએ નહી ચાલે જોર જો. કરમ—
શું સમજાવું સમજાવ્યા સમજે નહી,
છાલ ન છોડે પેલી છટક છિનાળ જો;
કિંચિત કે'તાં મુજને ઉઠે મારવા,
કે'છે દે છે અમને ખોટું આળજો. કરમ—
એ બે જણને હુંતો ઘરમાં એકલી,
ડાહ્યાં પોતે મુજને ગણે ગમાર જો;
હવે કરું શું હાય! નથી કાંઇ સુજતું,
આહેરણને આધીન મારો યારજો.

કપટ—હુંમરી પંજાબી. (અચરા પકર મોસે કરત. એ રાહ)

પ્રિય તું ન રડ કંઇ કર ઉપાય, જેથી વિકટ સંકટ ઝટ જાય.
મારી સજની. પ્રિય—

કા—એ છે નફટ નિડર નટખટ નથી નભતું, કપટ કાંય,
ખોટી ખટપટ લટપટ નવ ખમાય,
મારૂ વિકટ સંકટ કયમ જાય. મારી સજની.

કપટ—પ્રિય તું ન રડ કંઇકર ઉપાય, જેથી વિકટ સંકટ ઝટ જાય મારી—

લી—અમૃત સરખું સુખકારીરે, લ્યોમનમોહન મહી લાવી.

કામ—પરજ સોયણી. (ગગ ગલત કાનસું એરાહ.) ;

હજુ એ નવ આવતી અટકી, કેમ કરૂં જશે કાળજું ફૂટકી
નથી હટતી પટકી મટકી, હજુએ નવ આવતી અટકી.
-હદય નયન રજકણ સમ ખટકી, છેલ જશે છટકી ત્રટકી હજુ—

લી—કાલીંગડો. (સિદ્ધાચળ શીખરે દીવોરે એરાહ.)

લી—અમૃત સરખું સુખકારીરે, લ્યોમન મોહન મહી લાવી.
મનમાં બળે વેરણ મારીરે, લ્યોમન મોહન મહી લાવી.

સુ—તુંજ દધિ દુધછે ગુણકારીરે, આવો મૈયારી મારી.
જગ વહુ રેહેશે જખ મારીરે, આવો મૈયારી મારી.

કામ–લીધી લખમી મમ લુટીરે, મૈયારણ વેરણ મારી;
થાકી હું માથું કુટીરે, મૈયારણ વેરણ મારી.
બધી હાથ તમારે બાજીરે, મૈ માગેછે મહી મેહેતાજીરે;
લી—મીઠડા લ્યોને મહી મીઠુંરે, કાળજડું ઠંડું થાશે.
આતો નથી અવર અજીઠુંરે, કાળજડું ઠંડું થાશે;
કામ— (દેખી તોરી વફાદારી એ રાહ)
તું પાછળ પડી મારી, હું તારાથી હારી,
મેં તારૂં શું બોલ્ય બગાડયું નિત આવી મમ દ્વાર,
ભરમાવી મુજ ભરથાર, પડાવે ખાર, રીતશું સારી. હું.
જીવન તુજ મહી વીણ નથી જમતા, તે તુજકને તૈયાર;
નથી ઘરમાં એક દીનાર, આપ્ય ઉધાર, ગણી સાહુકારી.
સુમ— (બાદીયાં લેગઇ મારીરે મછરીયાં એ રાહ.)
શું કુટીલા તું હજી રહીરે કકળાતી,
એ અધીરા કમ આપે ઉધારે રે;
સારી સાહુકારી તારી અહીંરે અસલથી. કુટીલા.
લી—ગજલ—(હમનો આશક હે તોરે—એ રાહ.)
હસી વશી કરણ કરી, ભાન ભૂલાવી લાલા;
હર્યા મમ પ્રાણ નયન, બાણ લગાવી લાલા. હસી—
વળી પરિપૂર્ણ અરસપરસ જીહાં પ્રેમ પ્રીતમ,
લ્યોને કોણ માત્ર મહી મેં લાજ લુટાવી લાલા. હસી—
આપુ બેની ચાર મટકી આજ ઉધારે વ્હાલાથી,
વધારે ન હોય જ્યાં આધીન બનાવી લાલા. હસી—
કામ—(ગુસ્સે થઈ) **ભેરવી દાદરો.** (પીયા પાપીન જાગેરે એરાહ)
મહી નથી લેવું રે, જા ઠગાઈ તારીરે જા ઠગાઈ તારી (એટેક)
મીઠું મીઠું બોલી ખાઇ ગઈ ફોલી, કપટ આ કેવું રે. જા—
સરવ સફાઇ તુજ સમજાઈ, ઉભું ન રેહેવું રે. જા—
શેઠ વેચાશે, પણ મહી ખાશે, ક્યાં દુઃખ કેહેવું રે. જા—

નિજ ઘર ખોયું, જગમાં ન જોયું, મમ પિયુ જેવું રે. જો—

સુમ—ભેરવી ત્રિતાળ (દત્તવિના ન પમાય એ રાહ.)

એ જમવા અભિલાખ, સરસ મહીઆ જમવા અભિલાખ(એટેક

માંખણથી પણ અધિક મીઠ્ઠછે, ધિક આ આગળ દ્રાખ. સ—)

આની તૂલ્યે કદી ન આવે, સાકર આંબા સાખ. સ—

આ અમૃત સમ ગોરસ આગે, હાય નહી દુધપાક. સ—

મહિઆરી નિત આવે મંદીર, દીસે દીવાળી લાખ, સ—

તું ધગીં અગ્નિમાં આગથી, ખુબ બળી થા ખાખ. સ—

કામ—(ભેરવ મનમોહન મોરલી વાળા રે એરાહ.)

મુજને ભીખ માગતી તેંજ કરી, મુજને ભીખ માગતી—

તેંજ કરી ધનમાલ મતા હરી, દીલડામાં નવ લેશ ડરી. મુ.—

ના કહેતાં નિતનિત ઘર આવે, જા તુજને નથી શરમ જરી. મુ—

કામ નથી ઘરમાં તમ કેરૂં, આ હું સત્ય વચન ઉચરી. મુ—

નકટાં થઈ કદી પગ નવ દેશો, મમ ઘરમાં ફટકેલ ફરી. મુ—

આજ થકી કરો અદીઠ તમારૂં, હું ખોટી આ રાંડ ખરી. મું—

પ્રવેશ ૨ જો.

લીલા—(સીહાનો કાનરો-દીપચંદી. (તારૂણી તુજથી. એ રાહ.)

પ્રાણજીવન પુંઠે પુંઠે પધારો, અહીં છે એકાન્ત આવાસ અમારો.

કામ ક્રિડા પતિ અહનીશ કરશું,સાહિબ વનિતાની વિનતી સ્વીકારો.

મુજ ઘરમાં નથી લખમીનું લેખું,વ્હાલા વિલાસીને વ્હાલ વધારો.અ

સુ—તું જોબન મદમાતી મહીઆરી,મેં તો દીઠીતુજ નિપુણતા ન્યારી;

હું ઉત્તમ કયમ આવું અધમ ઘર, જગતમાં આબરૂ જાય અમારી:

છાની રાખું તને છેલ છબીલી, જાણીએ છે બધી જારી વિજારી.

લી—લાયરી લાલ જવાદ્યો તમારી, હું ગણિકા થકી નથી રે નઠારી.

હનુઆ ઉપર હવે હેત ન આવે, અમઘર આવો અરજ અવધારી.

સુ—જાણ્ય કરીને જગતમાં શું કારણ,હું મધુકર તું તો માલતી મારી

લી— (પ્રમાણીકા છંદ અથવા ઇંગ્રેજી રાહ.)

જરી ન કોઈ જાણશે, મનુષ્ય સૌ વખાણશે,
પિયુ ઘરે પધારીએ, સુપ્રીતી વધારીએ.
ઉચાટ અંગના ટળ્યા, સભાગ્યથી પતિ મળ્યા,
પણ્યાંગના વિસારીએ, પ્રભુ મને સ્વીકારીએ.

પ્રવેશ ૩ જો.

લીલા— પીલુ બરૂઆ—દીપચંદી.

આપ કૃપા કરી આગને ઉગારો, બળતી અનંગઅનળથકીહારો(ટેક)
આપે તજી ગણિકા કુલટાને, હનુઆ ભુલાનો મેં નેહ નિવાર્યો. આ-
ભૂત માફક ભમતાં ખટમાસે,મ્હીનોમ્હીને ભોળુ આવેબિચારો.આ.
નિર્ભય રહો મગનાથ નગીના, આપના ચરણ કમળ ચાંપનારો આ
રતિ અંતર રસિયા રખે રાખો, વિવિધ પ્રકારથી લાલ વિહારો.આ.
પ્રસન્ન કરૂં પ્રભું પાય પલોટી, મહી ગાંખાણુ થકી શરીર સુધારો.આ.
ભોગવો સ્વર્ગ તણાં સુખ સ્વામી, હુકમ કદી નહીં તોડું તમારો.આ.
વિનય સહીત પુછું તમને વાલેસર, સંશય ટાળીએ એક અમારો.આ.
સુ—ઉત્તર આપીશ એનો બરાબર, સ્નેહ સહીત અલબેલી ઉચ્ચારોઉ.

લી—(સોરઠજીલ્લોત્રિતાળ.છોડદે લંગરવા મુરખ મોરી.(એ રાહ)

માથાના મુગટ મારા પરણ્યા કે કુંવારારે,
શાને માટે આપે સગાં વ્હાલાંને વિસાર્યારે. મુગટ—
ક્યાં છે માતપિતાજી તમારાં, ક્યાં છે સજ્જન કુટુંબરે,
ક્યાં છે ક્યાં છે ક્યાં છેરે,સંબંધતમારો સાચું બોલો સમજારારે.સુ.

સુમ—પવિત્ર પુણ્યાતમા છે માવિત્ર અમારે રે,
વેશ્યાની સોબતે તજ્યાં વગર વિચારે રે-પુ-
આ નગરીમાં એહ વસે છે, વનિતા પિયર વસેલરે,
વનિતા વનિતા વનિતારે, અનુપ આકૃતિ એની તારે અનુસારેરેપુ.

(ત્રિતાળી ચોપાઇ–કાલીંગડો–દીપચંદી)

તારા જેવી એ દીપતી દેવી, સરવે સુંદરતા પુંજ જેવી,
હતી ઊંચી તારા જેવી એતો, લટકે મટકે સમ તેતો;
લી—હુંતો એને પતિ ઓળખું છું. નિત મહી વેચવા ત્યાં જઉછું.
સારંગપુર તણા શેઠની બેટી, નામે લીલાવતી ગુણ પેટી.
પ્હેલી વાત સુણી એની પાસે, આપને પુછ્યું આજ ઉલ્લાસે.
મારી સૈયર શિયલ સોભાગી, દેખી અવગુણ શો તમે ત્યાગી.
આપને ઘટે કરવું ન આવું, કો'તો એહને અહીંઆં બોલાવુ;
સુ—સુતો સર્પ જગાડીએ શાથી, અતી અડચણ થાય એમાંથી..
તું છે સૌ સુખદાયક પ્યારી, એનું કામ નથી અહીં નારી.
નિત ભાવતાં ભોજન કરશું, રસ રંગમાં આપણ રમશું.
ગજ્યું છે મન આપણુ એનું, અહીં શું છે પ્રયોજન એનુ"
લી—આવું કરીએ નહી મન કાચું, સાંભળોને કહું સાચેસાચું
પ્રિય પરણ્યા તમે મારી સાથ, એતો યાદ લાવો પ્રાણનાથ.
ચઢી ચોરીએ હાથ દબાવ્યો, નખ દઈને નેહ જણાવ્યો.
તમ સાથે હીંચોળામાં હીંચી, ખરશીયાણી પાડી ચીર ખીંચી;
લાગે આટલું તમને અધુરૂં, કહોતો બીજી નિશાનીઓ પુરૂં.
મને અરધીએ એકલીમુકી, ગયા ચતુરપતિ બધું ચુકી;
સુ—થવ વિસ્મય સાંભળી વ્હાલી, ગજ્યાં દંપતી ક્રોડ દીવાળી,
કર્યો કેમ મહીયારીનો વેશ, નવ જાણ્યું કપટ લવલેશ;
પ્યારી તારો છે પૂરણ પ્રેમ, આવી પ્હેલું કહ્યું નહી કેમ.
લી—મેંતો જાણ્યું રસિક રીસાળ, પાસે વેશ્યા વિષય વિષ જવાળ;
એથી મહીયારી સ્વાંગ ધરીને, તમને વશ કર્યા કપટ કરીને.
સુ—સત્યવાત સકળ પ્રિયા તારી, મારી અક્કલ ગઇ હતી મારી;
મારી રસમ સરવ તેં સુધારી, ધન્ય ધન્ય પતિવ્રતા નારી.

વેસ્યા લંપટ હું લજવાઉં, તારા ગુણ હું કેટલા ગાઉં;
મારા કુળનું કલંક તેં કાપ્યું, તને અધિક શાબાશી શી આપું.

લીલા— (સુણ ચતુર સુજાણ પરનારીથી. એ રાહ).

મનહર મળતાં, મેં મન ગમતું સરવે સુખડું માણ્યું:
જગમાં જોતાં, સ્વામી સમાગમ સમ સુખ અવર ન જાણ્યું (ટેક)
શીરતાજ તમે વેસ્યા ત્યાગી, બાવટ આખા ભવની ભાગી.
પતિ પુરવ પુન્ય દશા જાગી. મનહર—
ઉગ્યો સોવન સુરજ આજે, મમવિજય તણા ડંકા વાજે;
દુશ્મન દેખી દીલમાં દાઝે મનહર—
જીન વચન સુધારસ ચિત ધરશું, સાતે ક્ષેત્રે ધન વાવરશું;
પ્રતિદિન પ્રભુની પુજા કરશું. મનહર—
પિયુ માત પિતા પાગે લાગો, માફી અપરાધ તણી માગો;
સંસાર તણો ચલવો સાગો. મનહર—

પ્રવેશ ૪ થો.

સૂમ— બિહાગ ગજલ. (પારસ પ્રભુ દેખકે એ રાહ)

પિતા માતા ક્ષમા માગું, ઘણો લાજી પગે લાગું;
નીતિ પર લક્ષ ના દીધું, અઘટતું કૃત્ય મેં કીધું.
મયાકર માત તું મારી, અવજ્ઞા મેં કરી તારી;
રહ્યો નહીં કોઇનો વાર્યો, ઉઠ્યો કુળમાં હું અંગારો.
થયો ગણિકા તણો યારી, રમ્યો દિન રાત હું જારી;
અરે સૌ લોકમાં લાજ્યું, હવે પસ્તાઉં છું ઝાઝું.

સદાફળ—(જફાવો સીતમકુ સજાવાર હું—એ રાહ.)

થવાનું હતું તે થયું દીકરા, હવેથી તમે ચાલજો પાંસરા;
તને તેડી લાવી વહુ ડાંપણે, અતી હર્ષ આજે મળ્યાં આપણે.

લી—ગયું વિઘ્ન સૌ વૃદ્ધના પુન્યથી, નમું પાય હું મસ્તકે ભાવથી

સદા—બહુ બુદ્ધિશાળી વહુ તું મળી,.......................

લીલા—...................અહો ! આપ આશીશ આતો ફળી,
સે'—શિયળ સાચવ્યું તે પ્રિયા સુતની, વધો વેલ તારા થકી કુળની.
વધુ શું વદુ ગુણ તારા વધુ, તને ધન્ય છે સુખ આપ્યું બધું,
અચળ તારૂં રેહુજો સુહાસણપણું, સદા સુખમાં જીવજો તું ઘણું
કળા કેળવી લાવી તું કંથને, થજો પુન્યશાળી સુપુત્રો તને.

પ્રવેશ ૫ મો.

કપટ—   **જીલ્લા–ગજલ.**

આજછે ઉદાસ આંખ આંસુથી ભરી,છાની રહે છબીલી ગયો છેલ છેતરી
કા—હા કરી બેહાલ લાલવ્હાલ વિસરી,રૂડું કુંએ ઉતારીમુકીવતને છરી·
ક્રોધમાંભોલાઈગયુંરૂંધાઈતીખરી,પ્રપંચએનોરંચપ્હેલોજાણ્યોનહીજરી
અકળાઈ બાઈ ઝેરખાઈજઈશ હું મરી,હાયહાય લાલ મારોલેઈગઈહરી·
(**કાફીઓ**—બેડો બાઈ બુડતો તારોરે. એ રાહ.)
અરે દુઃખ આ કયાં ઉચારૂં રે, બળે ભડકે મન મારૂં રે (એ ટેક.)
પરણ્યા વિના પારકા પતિ સાથે, રમીએ અહરનીશ રંગ;
જોબન જાતાં જતા રહે વેગળા, સ્વારથીઆ તજી સંગ; અરે.
ક—સુમતિવિલાસથી સ્નેહ કરીને, વરજ્યો વેશ્યાનો વેપાર;
એ ભરવાડીને બાળી લોભાણો, તમને કર્યો તિરસ્કાર.
સુણી દુઃખ આવું તમારૂં રે, બળે મનડું પણ મારૂં રે. (એટેક)
કા—ભરવાડી નહી હતી ભામની એમની, ભોળવી ગઈ ભરથાર)
વળી વિચિક્ષણતા વાણીઆની, ગણિકા ગણાઈ ગમાર. અરે
ક—પ્હેલું કહ્યું તું મેં વાણીયા સ્વાર્થી, સમજ્યાં વિના પછી સહુ
શોક તજો મળશે મહી મંડળ, એના જેવા બીજા બહુ. સુણી
એક મુકી બીજો કરીએ વળી, બીજો મુકી ત્રીજો ભરથાર;

એમ અનેક ધણી કરીએ, એતો આપણો છે કુળાચાર. સુણી.
કા—ધિ:ક્ કુળાચાર આપણો એવો, સ્વામીનો જ્યાં ન સુમાર;
ચાર બોલાવા બજારમાં બેસવું, લાજ મળે ન લગાર. અરે.
ચોર જુગારી ઉચક્કાઓ આપણી, પ્રીતી કરે બેસી પાસ;
આપણોને વળી આપણા યારનો, વિશ્વ કરે ન વિશ્વાસ. અરે.
ભોળવી કંઈકને ભસ્મ ચોળાવીએ, ધરીએ ન એકે ધર્મ;
હાય હજારો હરામીની સાથે, કરીએ નિચાં નિત્ય કર્મ. અરે.
કઇક વેશ્યાઓને જીવથી મારે, છળ થકી છેતરી જેમ;
દુષ્ટ કોઈ દગો દેઇને મારશે!!! આપણને પણ એમ. અરે.
બભકો મારી ભલે ચૌટામાં ચાલો, ઝાલી ગુલાબના ગુચ્છ;
સદ્ગુણી માણસ સમજે વેશ્યાને, તરણા થકી પણ તુચ્છ અરે.
ઓછી અક્કલની ઉત્તમ કુળની કંઈક, નિચ પ્રસંગથી નાર.
વ્હાલાં તજીને બનેછે વારાંગના, વ્હાલો કરી વ્યભિચાર. અરે.
એતો ઘણું દુઃખ પામે આપણથી, જ્યારે જોબન તેનું જાય;
કીડા પડે કાઢનાર જડે નહી, મરવાથી મડદું ગંધાય. અરે.
પરમત પાપ કર્યે પરિપુરણ, આવ્યો વેશ્યા અવતાર;
આ ભવમાં પણ અધિક કરી અઘ, નરકે જવું નિરધાર. અરે.
વેરી ગણી વ્યભિચારીએ વરજી, પરણી થકી કરી પ્રેમ;
એક કોડી પણ મારી કને નથી, કે'ને હવે કરૂં કેમ. અરે.
કપ—મારી બાઈ મનમાં ન મુંઝાશો; સ્નેહે રહેજો મમ સાથ;
વેશ્યા વેપાર પ્રપંચ બધો તજી, જપશું હવે જગનાથ. સ૦

પ્રવેશ ૬ ઠો.

સુગુણ—(વ્હાલાજીની વાટડી અમે જોતાંરે. એ રાહ.)

લીલાવતી નાથ નિજ ઘર લાવીરે, ગણિકાને ગોથું ખવરાવી. લી-ટેક)
મળીએ આવ્ય વ્હાલી સખી મારીરે, માત તાતની શોભા વધારીરે·
કિરતી પ્રસરી જગ તારી, લીલા.
બહુ રૂડા મા બાપની બેટીરે, હતી છેલ છબીલાથી છેટીરે,
ભરથાર થકી ભલે ભેટી, લીલા—
લી—સખી શરીરે તો છે સાજી તાજીરે, મારાં સુખમાં છે માત પિતાજીરે;
સુગુ—સારો દિવસ સુણ્યાં થયાં રાજી, પ્યારી સખી પીયર પનોતી–
પધારોરે, સૈયર વર્ગનો હર્ષ વધારો–પ્યારી—(ટેક.)
ભર્યો ખોળો સંસારની રીતીરે, હુંશ શીયળ પ્રભાવથી વીતીરે;
લી—વાયણાં જમી વાટ જોતીતી, જંવા ઉઠો પીયર હવે હું તો–
આવુંરે, માત તાતને શીશ નમાવું જંવા—(ટેક)
મને આજ્ઞા સાસુજીએં આપીરે, પુછવું છે પતિને તથાપીરે,
જેની કરૂણાથી જશ રહ્યો વ્યાપી. જંવા—

પ્રવેશ ૭ મો.

સુમતિ—અનજારો. પ્રિય મિત્ર વિના હો ભાઇ. એ રાહ.
હું વિષય અંધ અવિચારી. સદ્ગુણી પ્રિયા સુખકારી,
આચાર કરી નિજ આગો, વેશ્યા વાઘેણને વળગો;
માઠી બુદ્ધિ થઇ મારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
મરકટ વત્ મને રમાડી, ઉજવળ કુળ એબ લગાડી;
એ વેશ્યા હવે વીસારી, સદ્ગુણી પ્રિયા સુખકારી,
બહુ મોટા ઘરની બાળા, એ મનહર ગુણ મણી માળા;
મુજ માટે થઈ મૈયારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
અગણીત હરી દ્રવ્ય અમારૂં, તેં ભર્યું હતું ઘર તારૂં.

ધિક ગણીકા વિષય વિકારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
વેશ્યાને ભીખ મગાવી, એથી અધિકું ધન લાવી;
તું પ્રેમ બતાવી પ્યારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
મેં માત પિતા અપમાની, તજી બીક બધી દુનિઆની,
હું કામ, ધ્રાખ ધિક્કારી; સદ્ગુણી પ્રિયા સુખકારી.
ગમ સમ જે કુકર્મ કરશે, કદી મોત વગર તે મરશે,
કેંઈ શુળી ચડયા વ્યભિચારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
વેઠુંછું વિયોગ વારૂ, તું ગઈ સુઆવડ સારૂ,
આજ્ઞા માગીને મારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
વ્હાલીએ વંશ વધાર્યો, આહા! પુત્ર પ્રસવીયો પ્યારો;
આ ખબર લખી ખુશકારી, સાકર વેંચાવું સારી.

પ્રવેશ ૮ મો.

લીલા— માતા જસોદા ઝુલાવે. એ રાહ.

પ્રેમે પ્હોડયા છો કુળદીપક મારા પારણે,
નિરખું હરખું તુજને લાડવાયા લાલ;
કાજળ આંજેલી અલબેલી લાગે આંખડી;
તારા ગોરા ગોરા ગુલાબ સરખા ગાલ. **અલો—**
અલોલોલો હાલો હાલો વ્હાલા વીરવિલાસને. એ ટેક;
નાનકડા રજ મોટા થાઓ નિશાળે મુકીએ,
ભણીશ તો પરણાવીશ ગોરી વહુ ગુણખાણ;
હમણાં આવીને બાપાજી તારા તેડશે.
જાગ્યા જાગ્યા જાગ્યા જાગ્યા જીવન પ્રાણ. **અલો—**

સુ— કૃપા કરજોરે દેવ મુનિ—એ રાહ.

ભાઈ જાગ્યા કે, હજુ સરકાર ઉંઘે છે;
લી—આવો તેડાને જુઓ તમ સામું જુએ છે;
સુ—શું આજ ઉઠયા ઉલ્લાસે, આવો શેઠ અમારી પાસે.
મુછ પકડી વીરવિલાસે, કર્યું ફુફુરે, હત્ તારૂં ભલું થાય ગાંડા.
મારાં ચોખારે, લુગડાં અહ્યા તેં બગાડયાં.

ચતુર્થ અંક સમાપ્ત.

અંક ૫ મો.

પ્રવેશ ૧ લો.

સૂમ—[સુલણાછંદ ભેરવી,પાસ શંખેશ્વરા.એ રાહ.
વીર વિલાસનું લગ્ન કર્યું મગ્ન થઈ,તાવર્યું વીત જશ ખુબ વાધ્યો.
આધી વ્યાધી ટળે જેથી મુક્તિ મળે,કર્મ તજી પર્મ નહીં ધર્મ સાધ્યો.
સર્વ સુખ કરણ આચાર્ય ઉપદેશ છે, ચરણ વંદન કરી ચરણ માગુ
ઓઘ અઘ હરણ મુનિ તેહ તારણતરણ,શરણકરી ગ્રહણસંસારત્યાગુ
આજને કાલ કરતાં ગયો કાળ બહુ, આળ પંપાળ આ માલ ગાયા;
હાલ બે હાલ થૈ કાળ કરવો પડે, કાળની જાળમાં જે ઝલાયા.
રામ રાવણ પ્રમુખ રીદ્ધી મુકી ગયા, જગતમાં એમ સૌ જાય નાણુ
ઓઘઅઘ હરણ મુનિ તેહ તારણતરણ,શરણકરીગ્રહણસંસારત્યાગુ;
ધિઃક્ સંસાર સુખ નરકમાં ગરક થઈ,આંખ ઉઘાડી ઉંચુ ન જોયું,
અર્થ ઉપાર્જવા અર્થ અળગો કરી, આટલું આઉખું વ્યર્થ ખોયું,
શુદ્ધ શ્રદ્ધા થઈ તુન્યતા નવ રહી આજ મમ પૂર્વનું પુન્ય જાગ્યું

બોધઅત્ર હરણમુનિ તેહ તારણતરણ, શરણકરીઅહણુસંસારસાગું.

પ્રવેશ ૨ જો.

લીલા—(રામકળી) શ્રીરે સિદ્ધાચળ ભેટવા. એ રાહ.)

ધર્મ ઘોષ સૂરીશ્વરજીને, વીરા વંદવા જઈએ,
સદ ઉપદેશ સુધા સમો, સુણતાં સુખ લઈએ. ધર્મ.
પરભવના પુન્ય ઉદયથી, નયણે નિગ્રંથ નિરખ્યા;
ભવ્ય કમળ પ્રતિ બોધવા, સૂરી સુરજ સરખા. ધર્મ.

વી—માજી મૂનિવર વંદવા, આજ હું પણ આવું.
કરજોડી વિનતી કરી, ઘેર વ્હોરવા લાવું. માજી.

પ્રવેશ ૩ જો.

લી—(નાથ કૈસે ગજકો બંધ છોડાયો. એ રાહ.)

સુરી મુખ સાંભળી શ્રીજીન વાણી, જુઠી મનેજગતનીમાયાજણાણી. સુ.
વડ બીજ માફક કર્મ વધે છે. પાપ કરો નહી પ્રાણી,
પર ભવ પોપટ પાંજરે પુરી, કીધી મેં કર્મ કમાણી. સૂરી.
પોપટડી સાડી બાર ઘડી સુધી, દીલમાં વિજોગે દુભાણી;
એથી હું તો સાડા બાર વર્ષ લગે, વિરહના ભાલે વિંધાણી. સૂરી.
કર્મ વિટંબના પરભવ કેરી આ, જાતિ સ્મરણ થકી જાણી;
દંપતી દીક્ષા ગ્રહણ હવે કરશું, પરણુ‌ા શિવ પટરાણી સૂરી.

વીર—(મને મુકી ગયો છે મારો છેલડોરે. એ રાહ.)

અરે મુજને મુકીને આમ એકલોરે, થશો સાધુજી તમે શું ખરેખાત;
માતતાત, મારી શી વલે થશે વીચારીએરે, એ ટેક.
શીરછત્રતિર્થંરૂપછો હું છોકરૂંરે, વેઠી શકીશ કેમ વિરહવજ્રપાત. માત-
ખુશી દેખીનેઅમનેતમે ખુશી થતાંરે, મનેદુઃખીદેખીકરતાંઅશ્રુપાત; માત-
કદામોડું થતું આવતાં નિશાળથીરે, વાળુ રખતવિતેકરતાંવલોપાત. માત-

પિતા વિના મને કોણુ સમજાવશે રે, ભાઈ બાંઇ કહીસો કરીતબાત; માત—
હજુ દીલ ચાલ્યું મેં નથી દુકાનમાં રે, ગુમ કરવી કયાં વેપારતણી વાત માત—
લી—ડુસકાં લઇને આમ રડવું ડાહ્યા દીકરા રે તને શોભતું નથી અરે સુજાણુ;
મારા પાણુ, સંજમ લેવાની આપ્ય સંમત્તિ રે. (એ ટેક.)
સુખદાઇ સદા શ્રાધ ધર્મ સાધજે રે સુણુજે રાગસહીત વિતરાગવાણુ; મા.
વીર—(જફાવો સીતમકુ સજાવાર હું એ રાહ.)
વિનય મુકીને માત સાથે વઢયો, હઠીલાઇથી હું તમોને નડયો;
કદી તોય તેં રીશ માનહી કરી, મને સુખ માટે દુઃખી થઈ ખરી.
પિતાજી ઉછાળી હશે પાઘડી, હસી કાઢતા હેતથી હરઘડી;
મને પાળી પોષી ભણાવ્યો ભલું, કૃપાળુ કરો શું કહું કેટલું.
સ—(સુકૃત કરના હોય સો કરલે. એ રાહ. ભેરવીમાં પણુ ગવાયછે.)

સ્વારથિઓ સંસાર, અરે આ સ્વારથિઓ સંસાર.
અમે થશું અણુગાર, અરે આ સ્વારથિઓ સંસાર. (એ ટેક.)
ધોરી કાંધે ધરી ધુંસરૂં વહે જયાં સુધી ભાર;
નિજ ગરજે ધૃત પાય પરાણે, પછી નીરે નહી ચાર. અરે.
કમાય ત્યાંસુધી કહે કાકા, પુત્રાદિક પરિવાર;
ડોસો કહી દરકાર કરે નહી, વૃદ્ધ બને જે વાર. અરે.
સાવધાન દીસે સ્વારથમાં, નિજ નિજના નરનાર;
ગરજે બાપા કહે ગરધવને, મારે ડફણે માર. અરે.
મ્હોટા મ્હોટા મ્હેલ બનાવી, કરી બાગમાં બ્હાર;
માલ મતા ધન દોલતમાંથી, લેશ ન આવે લ્હાર. અરે.
તુજ અર્થે મેં અર્થ ઉપાજર્યું, કરી વિવિધ વ્યાપાર.
વીરવિલાસ તને પરણાવ્યો, હવે થયો હુશિઆર. અરે.

સગાં સંબંધી સર્વે નકામા, અંતે અલગ થનાર;
પુન્ય પાપ બાંધીને પહલે, જનમ્યું તેહ જનાર. અરે.
શ્રદ્ધા સહીત જીન ધર્મ પાળજે, નિજ શક્તિ અનુસાર;
નિત્ય નેહથી સ્મરજે શ્રી જીન, મંગળ સુખ દાતાર.
એવી ગુરુ સફળ મનુષ્ય અવતાર અગે થશું અણગાર એવી.

પંચમ અંક સમાપ્ત.

કળશ.

સર્વ પાત્રો—(**ધનાશ્રી** વિનતી ધરજો ધ્યાન. ત્રિતાળ ધીમો)
નાટક નવિન રસાળ રસિક રચ્યું, નાટક નવિન રસાળ. (એ ટેક)
સુમતિવિલાસ લીલાવતી—સુંદર, દંપતી અતિ સુકમાળ.
સંજમ પાળી સુરગતી સાધી, નરક તિર્યંચ ગતિ ટાળ. રસિક—
એકાંતતારી એ નરનારી, વંદુ ભાવ વિશાલ.
ધન ધન ભવિજન જે શુદ્ધ સંજમ, આરાધે ઉજમાળ. રસિક—
શ્રીજીન ઉત્તમ શિષ્ય **પદ્મના**, **રૂપના કિર્તિ** કૃપાળ;
તાસ શિષ્ય **ઉદ્યોતવિજય પં૦** ગીરતારથ ગુણ ગાળ. રસિક—
તે મુનિના **શિવરામ** થયા શિષ્ય, ગુરૂ આણા પ્રતિપાળ,
તેહ પિતા ગુરૂ પાય પસાયે, ત્રુટી જડ મતી જાળ. રસિક.
વિક્રમ સંવત્સર ઓગણી શત ત્રેતાળીશની સાલ;
વડતપગચ્છમાં રાજસૂરીશ્વર, રાજે શ્રાકજમાળ. રસિક-
શ્રોતા સદ્ગુણી ભૂલ જો ભાળો, કરશો માફ મયાળ,
સ્નેહ સહીત નાટક નિરખતાં, **સંઘમાં** મંગળમાળ. રસિક-
અણહીલપુર **પાટણનો** વતની, **રાજનગર** રહું હાલ,
જૈનશાળામાં જૈન અધ્યાપક, શિવસુત કેશવલાલ. રસિક—

સંગીત લીલાવતી નાટક પંચાંકી સમાપ્ત.

જાહેર ખબર.

આ પુસ્તક નિચેના ઠેકાણેથી વેચાતું મળશે.

કચ્છમાંડવી—નાગોરી ચાંપશી ખીમરાજ.

પાટણમાં—ઠાકોર ખેમચંદ મગનરામ પાસેથી
ઠે. રતનપોળ પાસે વાગોળના
પાડામાં.

રાધનપુરમાં—ઠાકોર વીરચંદ મયાચંદ પાસેથી
ઠે૦ દેસાઈવાડામાં.

જામનગર—નાગોરી દેવકરણ લાલજીભાઈ.
બુકસેલર.

દેશાવરના અજાણ્યા ગ્રાહકોએ અગાઉથી પૈસા મોકલ્યા શિવાય અગર વેલ્યુપેએબલ વગર મંગાવવાની તસદી લેવી નહિ.

અધ્યાપક કેશવલાલ શિવરામ.
મુ૦ અમદાવાદ ફતાશાની પોળ.
જૈનશાળા મકાન નં૦ ૧